# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

08 JANUARY, 2026 THURSDAY





પેજ 2



ભરૂચ LCB એ એક વર્ષ જૂની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

પેજ 3



સર્વજ્ઞાતીના 61 દીકરીઓના ભવ્ય સમૂહ લગ્ન યોજાયા

પેજ 7



અમદાવાદની 1800 શાળાઓના 5 લાખ વિદ્યાર્થીઓએ શપથ લીધા

પેજ 5 અંકલેશ્વરના ભરણ ગામેથી ૧૫.૧૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 292 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


રશિયન સંસદના ઉપલા ગૃહના વરિષ્ઠ નેતા આન્દ્રે ક્લિશાસે પણ અમેરિકાની કાર્યવાહીનો કડક શબ્દોમાં વિરોધ કર્યો

# રશિયાના ઓઈલ ટેન્કર પર US નેવીએ કર્યો કબજો

## વેનેઝુએલાથી આવી રહેલા ટેન્કર મુદ્દે અમેરિકા-રશિયા વચ્ચે તણાવ! : US ગૃહ વિભાગે વીડિયો જાહેર કર્યો : રશિયાનો વિરોધ, કહ્યું UNCLOSનું ઉલ્લંઘન



• વોશિંગ્ટન

વેનેઝુએલાનું એક તેલ ટેન્કર યુએસ કોસ્ટ ગાર્ડને ચકમો આપી ભાગી છૂટ્યું હતું. તેને ઝડપી લેવા અમેરિકા છેલ્લા બે અઠવાડિયાથી એટલાન્ટિક મહાસાગરમાં ઓપરેશન ચલાવી રહ્યું હતું. આ વચ્ચે અમેરિકી સેનાએ કહ્યું છે કે તેને રશિયન ઝંડાવાળા એક તેલ ટેન્કરને કબજે કર્યું છે. રશિયાએ તેને બચાવવા માટે એક સબમરીન ઉતારી હતી, અમેરિકા દ્વારા જપ્ત કરેલા ટેન્કરનું નામ બેલા-1 છે.

ન્યૂઝ એજન્સી એસોસિએટેડ પ્રેસના રિપોર્ટ મુજબ ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં જ્યાં અમેરિકાની સેનાએ ટેન્કર જપ્ત કર્યું ત્યાં રશિયન સબમરીન અને યુદ્ધ જહાજ પણ જોવા મળ્યું, યુએસ યુરોપિયન કમાન્ડે X પરની એક પોસ્ટમાં કહ્યું, 'બેલા 1 ને પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા બદલ કબજે કરવામાં આવ્યું, આ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી અને યુએસ લશ્કરી કર્મચારીઓ દ્વારા સંયુક્ત કાર્યવાહી હતી, ગયા મહિનાથી જ્યારે તેણે વેનેઝુએલાની આસપાસ યુએસની ઘેરાબંધીથી બચવાનો પ્રયાસ કર્યો ત્યારથી અમેરિકાની સેના તેનો પીછો કરી રહી હતી.'

અમેરિકી કોસ્ટ ગાર્ડએ ગયા મહિને પહેલી વખત દરિયામાં ઉતરેલા વેનેઝુએલાના તેલ ટેન્કરને રોકવાની કોશિશ કરી હતી. એક રિપોર્ટ મુજબ આ જહાજ રશિયન ધ્વજ નીચે રજિસ્ટર્ડ છે. તે ઉપરાંત અમેરિકાએ લેટિન અમેરિકન જળક્ષેત્રમાં વધુ એક ટેન્કરને રોક્યું છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ ઈન્સ્ટાગ્રામ પર આ ઓપરેશનનો એક વીડિયો શેર કર્યો છે. સેક્રેટરી ક્રિસ્ટી નોએમે વિગતો જણાવતા કહ્યું કે 'યુએસ કોસ્ટ ગાર્ડે બે શેડો ફ્લીટ ટેન્કર, બેલા 1 અને સોફિયા જપ્ત કર્યા છે. મોટર ટેન્કર, બેલા 1, ઘણા અઠવાડિયાથી કોસ્ટ ગાર્ડથી બચી રહ્યું હતું.જે દરમિયાન, તેણે પોતાનો ધ્વજ બદલી નાખ્યો અને પોતાનું નામ બદલી નાખ્યું. યુએસસીજીસી મુનરોના ક્રૂ સભ્યોએ તોફાની સમુદ્ર અને ખતરનાક તોફાનો વચ્ચે જહાજનો પીછો કર્યો હતો'

બીજી તરફ રશિયાના પરિવહન મંત્રાલયે પુષ્ટિ કરી છે કે અમેરિકાની સેનાએ સવારે 7 વાગ્યે (ET) જહાજ પર ચઢી હતી જે બાદ Marineraથી તેનો સંપર્ક તૂટી ગયો છે. મંત્રાલયે અમેરિકાની આ કાર્યવાહીની નિંદા કરતાં કહ્યું કે '1982ના સંયુક્ત રાષ્ટ્ર દરિયાઈ કાનૂન (UNCLOS) મુજબ કોઈ પણ દેશને અન્ય દેશમાં સત્તાવાર રીતે નોંધાયેલા જહાજ પર બળપ્રયોગ કરવાનો અધિકારી નથી'

રશિયન સંસદના ઉપલા ગૃહના વરિષ્ઠ નેતા આન્દ્રે ક્લિશાસે પણ અમેરિકાની કાર્યવાહીનો કડક શબ્દોમાં વિરોધ કર્યો, તેમણે આ કાર્યવાહીને દરિયામાં ખુલ્લી લૂંટ ગણાવી અને કહ્યું કે 'અમેરિકા તેના કહેવાતા નિયમો હેઠળ આંતરરાષ્ટ્રીય કાયદાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહ્યું છે, આવી કાર્યવાહી વૈશ્વિક દરિયાઈ સુરક્ષા માટે ખતરનાક છે'

ત્યારે સવાલ થઈ રહ્યો છે કે શું ખરેખર રશિયન ટેન્કર છે કે પછી વેનેઝુએલાનું? અમેરિકાનો દાવો છે કે જ્યારે ટેન્કર જહાજ ચુંગાલમાંથી છટકી ગયું ત્યારે ટેન્કરના ક્રૂએ તેના પર રશિયન ધ્વજ ચીતરી નાખ્યો હતો જે બાદ દાવો કર્યો કે જહાજ રશિયન સુરક્ષા હેઠળ કામ કરી રહ્યું છે. આ ઘટનાની થોડી ક્ષણો પછી ટેન્કર જહાજ રશિયાના સત્તાવાર રજીસ્ટરમાં 'મેરિનેરા'ના નામથી નોંધાયું, રશિયાએ ગયા મહિને જ ચેતવણી આપી હતી કે અમેરિકા તે જહાજનો પીછો કરવાનું બંધ કરી દે, ગેરકાયદેસર તેલ પરિવહન કરતા ટેન્કરો પર લગામ લાવવાનો દાવો કરી અમેરિકાએ 2024માં જ આ જહાજ પર પ્રતિબંધ લાગુ કર્યો હતો. બીજી તરફ બ્રિટને કહ્યું છે કે તે વેનેઝુએલાથી જોડાયેલા 'મેરિનેરા' ઓઈલ ટેન્કર પર થયેલી કાર્યવાહીમાં અમેરિકા ઓપરેશન અંગે કોઈ ટિપ્પણી નહીં કરે, વડા પ્રધાન કીર સ્ટાર્મરના સત્તાવાર પ્રવક્તા કહ્યું અમે 'અન્ય દેશોની ગતિવિધિઓ પર કોઈ ટિપ્પણી કરતા નથી. આ યુકે સરકારમાં લાંબા સમયથી ચાલ્યું આવતું વલણ છે'

નાના નાના હપ્તામાં રોકાણ કરી શકાય

## 150 ટકાનું રિટર્ન આપ્યા બાદ ચાંદી એક ઝાટકે રૂા.૧,600 સસ્તી થઈ

• મુંબઈ

સોના અને ચાંદીમાં છેલ્લા ઘણા દિવસોની જોરદાર તેજી બાદ આજે મોટો કડાકો આવ્યો છે. ખાસ કરીને ચાંદીમાં આવેલી સુનામી શાંત થઈ જે સવાલ ઊભો કરે છે કે શું સોના અને ચાંદીના ભાવમાં વધુ ઘટાડો આવશે?

બુધવારે સાંજે 7:25 કલાકે મલ્ટી કોમોડિટી માર્કેટ (MCX) પર ચાંદીનો ભાવ 9,696 રૂપિયા એટલે કે 3.74 ટકા ઘટીને 2,49,115 રૂપિયા પ્રતિ કિલો થયો, જ્યારે સવારના કારોબાર દરમિયાન, ચાંદી રેકોર્ડ હાઈ સ્તર 2,59,692 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ હતી. આજ રીતે સોનાના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો, સોનાના ભાવ 1,332 ઘટીને 1,37,751 પ્રતિ 10 ગ્રામ થયા. સોનાનો રેકોર્ડ ભાવ 1,40,465 પ્રતિ 10 ગ્રામ છે.

માર્કેટ એક્સપર્ટના મત મુજબ રોકાણકારોને સોના ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા પછી નુકસાનનો ડર લાગી રહ્યો છે જેથી હાલ તેઓ મોટા પાયે નફો બુક કરી રહ્યા છે. આ નફો એ હકીકતને કારણે પણ છે કે ચાંદીએ એક વર્ષમાં 150%થી વધુ વળતર આપ્યું છે તેની સામે સોનામાં 75%નો વધારો થયો છે. જેથી ઘણા રોકાણકારો સોનું વેચી ચાંદી તરફ પણ જઈ રહ્યા છે.

ઘણા નિષ્ણાત માને છે કે સોના અને ચાંદીના ભાવ તેમના સૌથી ઊંચા સ્તરની ખૂબ જ નજીક છે પણ હાલનું નફા-બુકિંગ કારણે થોડા સમય માટે સોનું સસ્તું થઈ શકે છે, પણ બીજી તરફ મજબૂત માંગને કારણે લાંબા ગાળાનું રોકાણ હજુ પણ લાભદાયી નીવડી શકે છે. પણ ઊંચા ભાવના કારણે સતર્ક રહેવું જરૂરી છે. ઘણી બેંકો અને નિષ્ણાતોને આશા છે કે સોના અને ચાંદીના ભાવ ઊંચા જ રહેશે, જો નવા ઊંચા સ્તરે નહીં પહોંચે, તો 2026માં મજબૂત સપોર્ટ સાથે સ્થિર રહેશે. સામે કેટલાક માને છે કે ભાવ હજુ પણ સારા એવા વધી શકે છે. અમુક નિષ્ણાતોનો મત છે કે જો બે ત્રણ દિવસ ભાવ ઘટાડાનો સિલસલો યથાવત્ રહે તો સોના અને ચાંદીમાં રોકાણ કરવું નફાકારક રહેશે. સોના અને ચાંદીના ભાવ ખૂબ વધી જતાં સામાન્ય લોકો માટે એકસાથે લાખો રૂપિયાની ખરીદી કરવી મુશ્કેલ અથવા તો શક્ય નથી, જેથી નિષ્ણાત લોકો સલાહ આપે છે કે સોના અને ચાંદીમાં રોકાણ ડિજિટલ રીતે કરી શકાય, આ રોકાણ ગોલ્ડ ETF, સિલ્વર ETF અથવા ગોલ્ડ-સિલ્વર ફંડમાં થઈ શકે, માસિક અથવા સાપ્તાહિક રોકાણ શરુ કરી લાંબા ગાળે મોટો નફા સાથે માર્કેટ સંકટનો ભય પણ ઓછો રહે છે.

## ઈરાન ભડક્યું, સેના પ્રમુખે કહ્યું, 'અમારી યુદ્ધ તૈયારીઓ પહેલા કરતાં વધુ સારી'

• વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી બાદ ઈરાન સેના પ્રમુખે કડક શબ્દોમાં ધમકી આપી છે. સેના પ્રમુખ મેજર જનરલ અમીર હાતેમીએ આજે (7 જાન્યુઆરી) પોતાના દેશ વિરુદ્ધ નિવેદન મામલે કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે દુશ્મનના હુમલા પહેલા હુમલો કરવાની ધમકી આપી છે. તેમનું આ નિવેદન ટ્રમ્પના તે નિવેદન તરફનો ઈશારો મનાય છે, જેમાં તેમણે કહ્યું હતું કે, જો તહેરાન શાંતિપૂર્વક દેખાવો કરી રહેલા લોકોને હિંસક રીતે મારશે તો અમેરિકા તેમની મદદ માટે પહોંચી જશે.

ઈરાનના સેના પ્રમુખનું આ નિવેદન તેવા સમયે સામે આવ્યું છે, જ્યારે ઈરાન ઈઝરાયલ અને અમેરિકાના બેવડા ખતરાનો સામનો કરી રહ્યું છે. એટલું જ નહીં ઈરાનની પ્રજા આર્થિક સમસ્યાઓના કારણે દેખાવો કરી રહી છે, જેના કારણે ઈરાન સરકાર સામે પડકારો વધી ગયા છે. ઈરાન સરકારે જીવનજરૂરી ચીજવસ્તુઓની વધતી કિંમતો ઘટાડવા માટે અને જનઆક્રોશને શાંત કરવા માટે પરિવારોના બેંક એકાઉન્ટમાં લગભગ સાત ડૉલર માસિક સબસિડી આપવાની શરુઆત કરી દીધી છે.

ન્યુયોર્ક સ્થિત થિંક ટેન્ક સૂફાન સેન્ટરે કહ્યું કે, ઈરાનની પ્રજા સરકારની નીતિઓ અને આર્થિક સ્થિતિથી તંગ થઈને લાંબા સમયથી દેખાવો કરી રહી છે. સરકારી સમાચાર એજન્સી આઈઆરએનએના રિપોર્ટ મુજબ, હાતેમીએ કહ્યું કે, 'ઈરાન વિરુદ્ધ આવી ભાષાનો ઉપયોગ કરવામાં આવશે તો મોટો ખતરો ઊભો થશે.

યુરોપીય દેશો પછી કેનેડા પણ ગ્રીન-લેન્ડની વ્હારે

## ગ્રીનલેન્ડ હસ્તગત કરવું તે અમેરિકાની સર્વોચ્ચ પ્રાથમિકતા : વ્હાઈટ હાઉસ પ્રવકતા

• નવી દિલ્હી / વોશિંગ્ટન

અમેરિકાએ મંગળવારે બહુ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, ગ્રીન લેન્ડ પર કબ્જો મેળવવો અમેરિકા માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તે માટે સેનાકીય શક્તિનો ઉપયોગ કરવો પડે તો તેમ કરવા પણ તે તૈયાર છે. આ સામે યુરોપીય દેશોએ ઉગ્ર પ્રતિભાવો આપ્યા હતા અને તેથી 'નાટો' સંગઠન પણ તૂટી જશે તેવી પણ ચેતવણી ઉચ્ચારી હતી. યુરોપીય દેશો ઉપરાંત કેનેડાના વડાપ્રધાન કાર્નીએ બુધવારે ગ્રીનલેન્ડનો પક્ષ લેતાં તેની વ્હારે દોડયા છે.

તે પરિસ્થિતિમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનાં આ પગલાંનો બચાવ કરતાં વ્હાઈટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટ્રેએ સીએનએનને જણાવ્યું હતું કે, ગ્રીન લેન્ડ અમેરિકા માટે રાષ્ટ્રીય



સલામતી સંદર્ભે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આર્ટિક રીજીયન (ઉત્તર ધ્રુવ પ્રદેશ)માં વિરોધ કાર્યવાહી ન થાય તે જોવાની અમેરિકાની વ્યૂહાત્મક નીતિ છે. આ માટે પ્રમુખ અને તેમની ટીમ બહુવિધ વિકલ્પોની ચર્ચા કરી રહ્યાં છે જે પૈકી એક વિકલ્પ લશ્કરી પગલાંનો પણ છે. તેમ પણ 'કમાન્ડર-ઈન-ચીફ' (પ્રમુખે) જણાવ્યું હતું.

વેનેઝૂએલા પર આક્રમણ કર્યા પછી અને તેના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કર્યા પછી હવે પ્રમુખ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર નજર નાખી છે તે સર્વવિદિત છે. તે માટે તેઓ આર્ટિક-રીજીયનમાં વધી રહેલી રશિયન અને ચાયનીઝ કાર્યવાહીનું સબળ કારણ દર્શાવે છે. જ્યારે યુરોપીય નેતાઓ તે પ્રશ્નનો ઉકેલ મંત્રણા દ્વારા કરવા અનુરોધ કરે છે.

યુરોપીય નેતાઓએ ટ્રમ્પને આપેલી ચેતવણી પછી કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની પણ ગ્રીનલેન્ડ અંગે ડેન્માર્કની સહાયે દોડયા છે, અને ગ્રીનલેન્ડ ઉપરનાં ડેન્માર્કનાં સાર્વભૌમત્વ સામેના પડકાર તરીકે જણાવતાં કહ્યું હતું કે તે ધમકી તે દેશની (ડેન્માર્ક અને તે સાથે ગ્રીનલેન્ડ)ની પ્રાદેશિક એકતા અને સાર્વભૌમત્વ સામેના પડકારરૂપ છે જે આંતરરાષ્ટ્રીય કાનૂન તેમજ યુ.એન.ના ચાર્ટર વિરૂદ્ધ છે.

## દિલ્હી હાઈકોર્ટનો આદેશ: જામા મસ્જિદની આસપાસના અતિક્રમણનો સર્વે કરાશે

### જનહિત અરજી પર સુનાવણી પર હાઇકોર્ટનો આદેશ

• નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે રાજધાનીમાં આવેલી ઐતિહાસિક શાહી જામા મસ્જિદની આસપાસના વિસ્તારોમાં થયેલા ગેરકાયદે અતિક્રમણ અને MCD પાર્કની સ્થિતિ અંગે ગંભીર નોંધ લીધી છે. કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ દિલ્હી(MCD)ને બે મહિનાની અંદર આ સમગ્ર વિસ્તારનો સર્વે કરવાનો આદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો સર્વે દરમિયાન કોઈ પણ ગેરકાયદે બાંધકામ મળી આવશે, તો કાયદા મુજબ તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ફરહત હસન નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિત અરજી (PIL) પર સુનાવણી કરતાં હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. અરજદારે માગ કરી હતી કે, જામા મસ્જિદ જેવા સંરક્ષિત સ્મારકની આસપાસ રસ્તાઓ અને જાહેર જગ્યાઓ પર થયેલા અતિક્રમણને તાત્કાલિક દૂર કરવામાં આવે. હાઈકોર્ટે આ મામલે MCDને કડક સૂચના આપી છે કે, તેઓ જામા મસ્જિદની આસપાસના પાર્ક અને જાહેર સ્થળો પર થયેલા ગેરકાયદે બાંધકામનો સંપૂર્ણ સર્વે કરે અને તેનો રિપોર્ટ આગામી બે મહિનાની અંદર કોર્ટમાં રજૂ કરે. આ ઉપરાંત નિયમ વિરુદ્ધ થયેલા બાંધકામો સામે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરીને તેને હટાવવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

અરજદારે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, જામા મસ્જિદના દરવાજા પાસે ગેરકાયદે પાર્કિંગ, જાહેર માર્ગો પર ફેરિયાઓ અને ગેરકાયદે વ્યાવસાયિક એકમોનો જમાવડો થઈ ગયો છે. આ પ્રવૃત્તિઓને કારણે સ્મારકની ગરિમા અને જાહેર અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. ઉલ્લેખનીય છે કે જામા મસ્જિદ ASI (ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ) હેઠળનું એક સંરક્ષિત સ્મારક છે અને તે દિલ્હી વક્ફ બોર્ડની મિલકત હેઠળ આવે છે.શાહી જામા મસ્જિદ ભારતની સૌથી મોટી અને ભવ્ય મસ્જિદોમાંની એક છે. મુઘલ બાદશાહ શાહજહાંએ વર્ષ 1650માં તેનું નિર્માણ શરુ કરાવ્યું હતું. લાલ બલુઆ પથ્થર અને આરસપહાણથી બનેલી આ મસ્જિદમાં પરંપરાગત પર્સિયન શૈલીની ઝલક જોવા મળે છે. ત્રણ વિશાળ પ્રવેશદ્વાર અને બે ઊંચી મીનારો ધરાવતા આ મસ્જિદના પ્રાંગણમાં હજારો શ્રદ્ધાળુઓ એકસાથે નમાઝ પઢી શકે છે.

બીજા વિશ્વયુદ્ધ પછીની પ્રથમ ઘટના

## બર્લિનમાં ૪ દિવસના અંધકાર પછી વીજ પુરવઠો બહાલ

• બર્લિન

જર્મનીની રાજધાની બર્લિનના દક્ષિણ પશ્ચિમ ભાગમાં ૪ દિવસ પછી ખોરવાઈ ગયેલી વીજળી સેવા પૂર્વવત શરુ થઈ છે. ૩ જાન્યુઆરીના રોજ એક પાવર સ્ટેશન પર શંકાસ્પદ વામપંથી કાર્યકર્તાઓ દ્વારા આગ અને નુકસાન કરવામાં આવતા શહેરના ૪૫૦૦૦ ઘરો અને ૨૦૦૦થી વધુ વ્યવસાયિક કોમ્પ્લેક્ષનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. બીજા વિશ્વયુધ્ધ પછી જર્મનીની રાજધાનીમાં લાંબા સમય સુધી વીજળી ગુલ થવાની પ્રથમ ઘટના છે. બર્લિનના મેયર કાઈ મેગનરે વીજ પુરવઠો શરુ થવા અંગે પ્રતિક્રિયા આપી હતી કે વીજળી અને હિટિંગ વિના રહેતા લોકો માટે રાહતના સમાચાર છે. વીજ પુરવઠો કાર્યાન્વિત કરવાની શરુઆત ૭ જાન્યુઆરી સવારે ૧૧ વાગ્યાથી શરુઆત થઈ હતી.

શહેરના લોકોને પરેશાન કરનારી આ ઘટના પાછળ વામપંથી ગુરપ વોલ્કેનોનો હાથ હતો. વોલ્કેનો જૂથ આને જવાબદારી લેતા સ્પષ્ટ પણ થયું છે. આગ લાગવાથી નહેરની ઉપર બનેલા કેબલ ડકટનો સંપૂર્ણ નાશ થયો હતો. ભીષણ ઠંડીની વચ્ચે મોબાઈલ ફોન કનેકટિવિટી, હીટિંગ અને ટ્રેન સેવા ઠપ્પ થઈ જવાથી પરિસ્થિતિ ગંભીર બની હતી.ત્યાર પછી સ્થાનિય લોકોની મદદ માટે જર્મન સેનાની મદદ લેવી પડી. આ લાંબા બ્લેક આઉટથી બર્લિનના પાયાના ઢાંચાની સુરક્ષા અંગે મોટો પ્રશ્નાર્થ લાગ્યો છે. અનેક નેતાઓ હવે રાજધાનીમાં મહત્વપૂર્ણ કેન્દ્રોની સુરક્ષા માટે ધ્યાન આપવા પર ભાર મુકી રહયા છે. સ્થાનિક ગુપ્તચર એજન્સીઓએ પણ અગાઉ વામપંથી ઉગ્રવાદીઓના હુમલો થવાની ચેતવણી આપી હતી.

## 'ફરક સમજો સરજી', ટ્રમ્પના નિવેદન બાદ રાહુલ ગાંધીનો PM મોદીને કટાક્ષ

### ટ્રમ્પના ઇશારે આત્મસમર્પણ કરી દીધું : રાહુલને પીએમ પર ભરોસો નથી

• નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર દબાણ સામે ઝૂકી જવાનો આરોપ લગાવ્યો હતો અને તેમની તુલના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના નેતૃત્વ સાથે કરી હતી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કરીને 'ફરક સમજો સરજી' એવું કેપ્શન આપી પીએમ મોદી પર કટાક્ષ કર્યો હતો.

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હું હવે ભાજપ અને આરએસએસના લોકોને ખૂબ સારી રીતે જાણું છું. થોડું દબાણ કરો એટલે તેઓ ડરના માર્યા ભાગી જાય છે. જેવો ટ્રમ્પે ત્યાંથી ઈશારો કર્યો, આ લોકોએ તરત જ ફોન ઉપાડી લીધો. તેમણે કહ્યું, મોદીજી તમે શું કરી રહ્યા છો ? નરેન્દ્રએ સરેન્ડર કરી દીધું અને નરેન્દ્ર મોદીજીએ જી હુજૂર કહી ટ્રમ્પના ઈશારાનું પાલન કર્યું.' 1971ના યુદ્ધની યાદ અપાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'એક સમયે અમેરિકાના ભારે દબાણ છતાં ભારતે મક્કમતાથી પોતાનું વલણ અપનાવ્યું હતું. તમને તે સમય યાદ હશે જ્યારે 1971ના યુદ્ધમાં ઈન્દિરા ગાંધીને માત્ર ફોન કોલ નહોતો આવ્યો, પણ અમેરિકાનો સાતમો નૌકા કાફલો, હથિયારો અને વિમાનવાહક જહાજો પણ આવ્યા હતા. તેમ છતાં ઈન્દિરા ગાંધીજીએ કહ્યું હતું કે, મારે જે કરવાનું છે તે હું કરીશ... આ જ મોટો તફાવત છે.' આ સમગ્ર વિવાદની શરુઆત ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદન બાદ થઈ હતી. રિપબ્લિકન પાર્ટીના સાંસદોની બેઠકમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે, 'વડાપ્રધાન મોદી મને મળવા આવ્યા હતા અને મને પૂછ્યું હતું કે સર, શું હું તમને મળી શકું છું? જી હા...' ટ્રમ્પે ભારત પર લાદવામાં આવેલા ભારે ટેરિફનો પણ ઉલ્લેખ કર્યો હતો. ટ્રમ્પે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, 'ભારતીય નિકાસ પર 50 ટકા સુધીના ટેરિફ લગાવવામાં આવ્યા છે. મારા તેમની (PM મોદી) સાથે સારા સંબંધો છે. પરંતુ તેઓ મારાથી ખૂબ ખુશ નથી, કારણ કે તેઓ હજુ પણ વધુ ટેરિફ ચૂકવી રહ્યા છે, કારણ કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા છે. હવે તેમણે તેલ ખરીદી ઘણી ઓછી કરી દીધી છે.'


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ભરૂચ LCB એ એક વર્ષ જૂની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો, ઓલપાડથી આરોપીને ઝડપી પાડ્યો

• ભરૂચ

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના સચોટ સમન્વય દ્વારા ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ મથકની એક વર્ષ જૂની વણઉકેલાયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે ચોરીના મોબાઈલ ફોન સાથે સુરતના ઓલપાડ વિસ્તારમાંથી એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ભરૂચ શહેર 'સી' ડિવિઝન વિસ્તારમાં એક વર્ષ અગાઉ ઘરફોડ ચોરીની ઘટના બની હતી, જેમાં મોબાઈલ ફોન સહિતની મતા ચોરાઈ હતી. LCB ટીમને બાતમી મળી હતી કે, આ ચોરીમાં ગયેલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન સુરતના પાલનપુર જકાતનાકા અને ઓલપાડ વિસ્તારમાં એક્ટિવ થયો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ચંદન ધ્રુવચન્દ્ર નિસાદ (રહે. સુરત, મૂળ રહે. ઉત્તર પ્રદેશ) ને ઝડપી પાડ્યો હતો. આરોપીની પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે તેણે બિલ વગરનો આ ફોન ખરીદ્યો હતો અને પોલીસના ફોન આવ્યા હોવા છતાં લાલચમાં આવી ફોન જમા કરાવ્યો ન હતો. પોલીસે ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ કબજે કરી આરોપીને વધુ તપાસ અર્થે 'સી' ડિવિઝન પોલીસને સોંપ્યો છે.




## કઠલાલ તાલુકાના આગેવાનોની મુખ્યમંત્રી સાથે મુલાકાત




• દિપક પરમાર ઘડિયા

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની કેબિનેટ મંત્રી રમણભાઇ સોલંકી તથા મંત્રી શ્રી સંજયસિંહ મહિડા ની વિશેષ ઉપસ્થિતિમાં કપડવંજ અને કઠલાલ તાલુકાના આગેવાનો સાથે મુલાકાત કરી.વિસ્તારના વિકાસ અને જનહિતના પ્રશ્નો અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી.

### સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.32940.37 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 36260 પોઇન્ટના સ્તરે

# ચાંદીનો વાયદો ઊંચા મથાળે અથડાઈ ભાવમાં પીછેહટ: સોનાનો વાયદો રૂ.867 અને ક્રૂડ તેલનો વાયદો રૂ.85 નરમ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.41377.01 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.115744.23 કરોડનું ટર્નઓવર




• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.157127.24 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.41377.01 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.115744.23 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો 36260 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2510.04 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 32940.37 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.139140ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.139140 અને નીચામાં રૂ.137879ના મથાળે અથડાઈ, રૂ.139083ના આગલા બંધ સામે રૂ.867 ઘટી રૂ.138216 થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.322 ઘટી રૂ.113156ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.66 ઘટી રૂ.14117ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.856 ઘટી રૂ.138149ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.139498ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.139950 અને નીચામાં રૂ.138550ના સ્તરને સ્પર્શી, રૂ.139595ના આગલા બંધ સામે રૂ.665 ઘટી રૂ.138930 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.257599ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.259692 અને નીચામાં રૂ.251729ના મથાળે અથડાઈ, રૂ.258811ના આગલા બંધ સામે રૂ.4344 ઘટી રૂ.254467ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.3912 ઘટી રૂ.256625ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.3881 ઘટી રૂ.256645ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 5264.51 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.13.55 ઘટી રૂ.1324.75ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.2.8 ઘટી રૂ.312.85ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.1.75 ઘટી રૂ.313.05ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો રૂ.1.85 વધી રૂ.195.4ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 3166.99 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4453ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4455 અને નીચામાં રૂ.4313ના મથાળે અથડાઈ, રૂ.59 ઘટી રૂ.4383ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.5200ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5200 અને નીચામાં રૂ.5060ના સ્તરને સ્પર્શી, રૂ.5210ના આગલા બંધ સામે રૂ.85 ઘટી રૂ.5125 થયો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.87 ઘટી રૂ.5123ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.8.8 વધી રૂ.315.1 થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.8.8 વધી રૂ.315.2 થયો હતો.

### બજરંગદાસબાપાની વીસમી વાર તિથિની ઉજવણી નિમિત્તે

# રાણપુર તાલુકાના ધારપીપળા ગામે સર્વજ્ઞાતીના 61 દીકરીઓના ભવ્ય સમૂહ લગ્ન યોજાયા

**લોકમેળામાં ઊમટ્યા** | રાજકીય આગેવાનો સામાજિક આગેવાનો સહિત હજારો લોકો ઉમટી પડ્યા

• વિપુલ લુહાર,રાણપુર

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામે દર વર્ષે પરંપરાગત ઉજવવામાં આવતા બજરંગદાસ બાપાની તીથીવાર ની ભવ્ય ઉજવણી સાથે મઢુલીવાળા મહાદેવના ઉત્સવ સાથે 61 દીકરી-દીકરાના સર્વ જ્ઞાતિના સમૂહ લગ્ન યોજાયા સાથે ભવ્ય લોકમેળો યોજાયોહસમસ્ત ધારપીપળા ગામ દ્વારા દર વર્ષે આ ભવ્ય સમુહ લગ્ન સાથે ઉત્સવનું આયોજન કરવામાં આવે છે જેમાં સર્વ જ્ઞાતિના દીકરી-દીકરાના સમૂહ લગ્નનું સુંદર આયોજન કરવામાં આવે છે જ્યારે આ દિવ્ય અને ભવ્ય સમૂહ લગ્ન તેમજ બજરંગદાસ બાપાની તિથિની ઉજવણી પ્રસંગે શ્રી વીર ભૂષણ ધર્મ રક્ષક વિજયસિંહ બાપુ દાદાબાપુ ધામ પચ્છમ ભાલ,નાગનેશ મોટા મંદિરના મહંત મહામંડલેશ્વર 1008 મહામંડલેશ્વર પતિતપાવનદાસજી મહારાજ,ગંગા મૈયા આશ્રમ કાપડીયાળીના મહાન મહામંડલેશ્વર 1008 નિર્મળદાસ બાપુ ,દામનગર થી ભક્તગીરી માતાજી,ધંધુકા વિધાનસભાના ધારાસભ્ય કાળુભાઈ ડાભી,રાણપુર ટેક્સપીન બેરીંગ કંપનીના માલિક વિશાલભાઈ મકવાણા,રાણપુર વેપારીમાં મંડળના પ્રમુખ અને સમસ્ત ઝાલાવાડ રબારી સમાજના વરિષ્ઠ આગેવાન ઘનશ્યામભાઈ સાવધરીયા, ધારાસભ્યના પ્રતિનિધિ અને દેવળીયા ગામના સરપંચ અને યુવા આગેવાન પરેશભાઈ સલૈયા, બોટાદ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન કેશુભાઈ પંચાળા, જિલ્લા પંચાયતના સદસ્ય વિરમભાઈ મીઠાપરા, બરાનીયા ગ્રામ પંચાયતના સરપંચ દિનેશભાઈ બગોદરીયા સહીત અનેક રાજકીય આગેવાનો મહાનુભાવો સંતો-મહંતો આ દિવ્ય પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા સાથે સર્વ જ્ઞાતિના 61 દીકરી-દીકરાએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.શાસ્ત્રોક વિધિ સાથે સમૂહ લગ્ન યોજાયા. જેમાં સંતોના સામૈયા, ભવ્ય શોભાયાત્રા, મહાપ્રસાદ,સંતોના આશીર્વાદ, રાજકીય અને સામાજિક આગેવાનોના પ્રવચનો સાથે લોક ડાયરો સહિતના વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું સાથે તમામ દીકરીઓને મોટા પ્રમાણમાં કરિયાવર આપવામાં આવ્યો હતો. સાથેજ આ દિવ્ય પ્રસંગે ભવ્ય લોકમેળો યોજાયો હતો જેમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.સમસ્ત ધારાપીપળા ગામ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે 80 હજાર કરતાં વધુ લોકોએ મહાપ્રસાદ લીધો હતો. સાથે આ મહોત્સવમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાવનગરની બાંભણીયા બ્લડ બેન્ક ના કર્મચારીઓ હાજર રહ્યા હતા અને આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે રાણપુર તાલુકા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન હીરાભાઈ ખાણીયા,હરીરામબાપુ દેશાણી,હરેશભાઈ ભીટોરા એ ભારે જહેમત ઉઠાવી હતી અને આશરે 50 કરતા વધારે રક્તની બોટલ એકત્ર થઈ હતી.આ દિવ્ય અને ભવ્ય કાર્યક્રમ ધારપીપળા ગામ ખાતે યોજાયો જેમાં હજારો લોકો આ ઉત્સવમાં અને લોકમેળામાં ઉમટી પડ્યા હતા સાથે જ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો....

### જાણીતી શૈક્ષણિક સંસ્થા ચૌધરી એકેડમી દ્વારા

# શહેરામાં બોર્ડ અને સ્પર્ધાત્મક પરિક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સેમિનારનું આયોજન

• શહેરા

માર્ચ મહિનામા ધોરણ 10- 12ની બોર્ડની પરિક્ષાઓ તેમજ અન્ય સરકારી નોકરીઓ મેળવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ આવી રહી છે. બોર્ડની પરિક્ષાઓ હોય કે સ્પર્ધાત્મક પરીક્ષાઓને લઈ વિદ્યાર્થીઓ ઘણીવાર માનસિક અને શારિરીક તાણ પણ અનુવતા હોય છે. વિદ્યાર્થીઓ આ મુક્તરીતે અને માનસિક ભાર લીધા વગર પરિક્ષા આપી શકે તે હેતુથી શહેરાની જાણીતી ચૌધરી એકેડમી દ્વારા શૈક્ષણિક સેમિનારનુ આયોજન કરવામા આવ્યું હતું. જેમા બોર્ડની પરિક્ષામા સફળતા મેળવા માટે જરુરી માર્ગદર્શન અને સુચનો આપવામા આવ્યા હતા.સાથે સ્પર્ધાત્મક પરિક્ષાઓ આપનારા વિદ્યાર્થીઓની પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમને પણ આજની પરિક્ષા પધ્ધતિ પ્રમાણે કઈ રીતે રણનીતી બનાવીને સરકારી નોકરીમાં સફળતા કેવી રીતે મેળવી તેની જાણકારી આપવામા આવી હતી.



પંચમહાલ જીલ્લાના શહેરાનગર પાલિકા હોલ ખાતે ચૌધરી એકડમી દ્વારા શૈક્ષણિક સેમિનાર અને મોટીવેશનલ પ્રોગામનુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમમા શહેરા નગર અને તાલુકામાંથી ધોરણ-10- 12 અને સ્પર્ધાત્મક પરિક્ષાઓ આપનારા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. ચૌધરી કેરિયર એકેડમીના કમલેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓ વિડિયો તેમજ મૌખિક વ્યકતવ્ય આપવામા આવ્યુ હતુ. આવનારી બોર્ડની પરિક્ષા તેમજ સ્પર્ધાત્મક પરિક્ષા પાસ કરવા માટે તેમણે વિવિધ મુદા પર ભાર મુક્યો હતો. શિસ્ત સંસ્કાર અને શિક્ષણ પર ભાર મુકવા વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ.સોશિયલ મિડિયાની પાછળ વધારે ટાઈમ બરબાદ કરવાની જરુર નથી. તેનાથી ભવિષ્ય બરબાદ થઈ જશે. સાથે વ્યસનથી દુર રહેવા પણ જણાવાયુ હતુ. વિદ્યાર્થીઓએ પણ પોતાની અંદર રહેલી ત્રુટીઓને દુર કરવા માટે સંકલ્પ લીધો હતો. આ સેમિનારમા વિદ્યાર્થીઓના સાથે તેમના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ રીતેના શૈક્ષણિક સેમિનારનુ આયોજન સંમયાતરે થતુ રહે તેવી ઈચ્છા વ્યકત કરી હતી.

# લુણાવાડા એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે 'માર્ગ સલામતી માસ' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

• કાનજી ધામોત. મહીસાગર

મહીસાગર જિલ્લા આર.ટી.ઓ. અને જિલ્લા ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે લુણાવાડા એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે એસ.ટી. ડ્રાઈવરો માટે વિશેષ માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડ્રાઈવરોને માર્ગ પર સલામત ડ્રાઈવિંગ કરવા, ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૮ ઈમરજન્સી સેવાઓની ટીમ દ્વારા અકસ્માતના સમયે જીવન બચાવવા માટેની કટોકટીની સેવાઓ જેવી કે CPR અને 'ફર્સ્ટ રિસ્પોન્ડર' અંગેની પ્રાયોગિક ટ્રેનિંગ આપવામાં આવી હતી. ૧૦૮ની ટીમે ડ્રાઈવરોને સમજાવ્યું હતું કે કોઈ પણ દુર્ઘટના સમયે હોસ્પિટલ પહોંચતા પહેલાની પ્રાથમિક સારવાર કેવી રીતે જીવલેણ સાબિત થતા અટકાવી શકે છે. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા અને ડ્રાઈવરોને જવાબદાર નાગરિક તરીકે સજ્જ કરવાનો રહ્યો હતો. આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી એમ. એમ. પરમાર અને જિલ્લા ટ્રાફિક પીએસઆઈ શ્રી એસ. બી. ઝાલાએ ઉપસ્થિત રહી ડ્રાઈવરોને અકસ્માત નિવારવા માટેની તકેદારીઓ વિશે સમજાવ્યું હતું. આ તાલીમ વર્ગમાં લુણાવાડા ડેપો મેનેજર, એસ.ટી. કર્મચારીઓ અને ટ્રાફિક પોલીસનો સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો.

## રાષ્ટ્રીય સ્વયંસંઘ સતાપદી વર્ષ નીમિતે લોધીકા તાલુકા આર એસ એસ મંડલ હિન્દુ સમેલન આયોજન પૂર્વે ની બેઠક



• ગોંડલ

મુખ્ય વક્તા ગોંડલ જીલ્લા કાર્યવાહક વિજયભાઈ રાબડીયાની ઉપસ્થિતિમાં બેઠકનુ આયોજન કરવામાં આવેલ જેમા નગરપીપળીયા ધુ.દોમડા ખીરસરા રણમલજી બાલસર વડ વાજડી છાપરા સહીત ના ગામોના વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલ આગેવાનો ગામ લોકો ઉપસ્થિત રહેલ તેમજ વિજયભાઈ એ આર એસ એસ ની સ્થાપના તેના કાર્યો વિશેની વિશેષ જાણકારી આપેલ તેમજ આવનાર દિવસોમાં રાષ્ટ્રીય સ્વયંસંઘ સતાપદી વર્ષ ઉજવણી ના વિવિધ પ્રકારના આવનાર કાર્યકમો ના આયોજન અંગેની માહિતી આપી હતી.

### સુરતના લિસ્ટેડ બૂટલેગર સામે 'સંગઠિત ક્રાઈમ' હેઠળ ગુનો નોંધાયો

# ભરૂચ LCB એ અંકલેશ્વરમાં XUV કારમાંથી ૨.૯૭ લાખનો દારૂ ઝડપી પાડ્યો

• અંકલેશ્વર/ભરૂચ

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) બાતમીના આધારે અંકલેશ્વરના કરજણ રેસ્ટ હાઉસ પાસે વોચ ગોઠવી એક લક્ઝુરિયસ XUV500 કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૬.૫૭ લાખના મુદ્દામાલ સાથે ભરૂચના એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે સુરતના કુખ્યાત બૂટલેગર સંજય દેસાઈ સહિત છ ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેમના વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની 'સંગઠિત ક્રાઈમ' (Organ-ized Crime) ની કલમો હેઠળ ગુનો નોંધી સકંજો કસ્યો છે.



ઘટનાની વિગત મુજબ, LCB ટીમને બાતમી મળી હતી કે સુરત તરફથી એક XUV500 કાર (GJ-01-KR-6075) દારૂ ભરીને ભરૂચ તરફ જઈ રહી છે. પોલીસે કરજણ સિંચાઈ યોજનાના રેસ્ટ હાઉસ સામે નાકાબંધી કરી કારને આંતરી હતી. તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂના ૧૬ બોક્સ અને છૂટી બોટલો મળી કુલ ૬૫૫ નંગ બોટલ (કિંમત ૨.૯૭ લાખ) મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી મોહંમદ તોકીર ઉર્ફે રઈશ અબ્દુલ હમીદ શેખ (રહે. ભરૂચ) ને દબોચી લીધો હતો.

પકડાયેલા આરોપીની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે, આ જથ્થો સુરતના સંજય પાટીલ અને વેડ રોડના કુખ્યાત સંજય જોરાભાઈ દેસાઈએ મોકલ્યો હતો, જે ભરૂચના અલગ-અલગ બૂટલેગરોને પહોંચાડવાનો હતો. સંજય દેસાઈ અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલ હોવાથી પોલીસે તેના વિરૂદ્ધ અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝનમાં પ્રોહિબિશનની સાથે સંગઠિત ગુનાખોરીની કલમો હેઠળ FIR નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# થરાદ તાલુકાના વજેગઢ ગામ પાસેથી રૂપિયા 7.48 લાખનો દારૂ ઝડપાયો

### પોલીસે દારૂનો જથ્થો કોને ડિલીવર કરવાનો હતો તે અંગે તપાસ હાથ ધરી



• ત્રિકમ ઠાકોર વાવ થરાદ

થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારના વજેગઢ ગામ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરેલ આઈસર ગાડી સાથે કુલ કિ.રૂ.૨૫,૮૩,૨૩૬/-ના મુદ્દામાલ સાથે બે ઈસમો (૧) જસવતસિંગ લક્ષ્મણસિંગ જાતે. પરિડાર(રાવણા રાજપુત) રહે. આંટા તા,જી.બાડમેર રાજસ્થાન (૨) દીનેશસિંગ જાલમસિંગ જાતે. રાવણા રાજપુત રહે.ગ્રોલ તા.શિવ જી.બાડમેર રાજસ્થાન ને પકડી પાડી પ્રોડી કેશ શોધી કાઢતી પેરોલ ફર્લો સ્કોડ વાવ-થરાદ પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ સરહદી રેન્જ કચ્છ ભુજ તથા વાવ-થરાદ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા સાહેબ નાઓએ જીલ્લામાં પ્રોડી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતા શ્રી આર.એસ દેસાઈ પોલીસ ઈન્સપેક્ટર ઈ.યા પેરોલ ફલોં સ્કોડ જિ.વાવ-થરાદ નાઓના માર્ગદર્શન હેઠળ. પેરોલ ફર્લો સ્કોડ જિ.વાવ-થરાદના પોલીસ સ્ટાફના માણસો થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેરોલ ફર્લો, વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓની તપાસમાં હતા તે દરમ્યાન અ.પો.કો અમરસિંહ ભુરસિંહ નાઓને મળેલ ખાનગી રાહે બાતમી ડકીકત આધારે થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારના થરાદથી ડીસા જતા રોડ ઉપર વજેગઢ ગામ પાસે ભારત માલા રોડનાં પુલ નજીક નંબર પ્લેટ વગરની આઈસર ગાડીમાં ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નં.૧૩૩૨ ૭૪૮૨૩૬/-ના મુદ્દામાલ સાથે મોબાઈલ નંગ-૩ કી.રૂ.૩૫,૦૦૦/- તથા આઈસર ગાડીની કી.રૂ.૧૮,૦૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે કુલ કી.રૂ.૨૫,૮૩,૨૩૬/- મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડી દારૂ અપનાર વિરૂદ્ધ ધી પ્રોહીબીશન એક્ટ તથા એમ.વી એક્ટ મુજબની થરાદ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરેલ .

ઉજવણી

બજરંગદાસબાપાની વીસમી વાર તિથિની ઉજવણી નિમિત્તે

# રાણપુર તાલુકાના ધારપીપળા ગામે સર્વજ્ઞાતીના 61 દીકરીઓના ભવ્ય સમૂહ લગ્ન યોજાયા

### લોક ડાયરો સહિતના વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરાયું હતું

• વિપુલ લુહાર,રાણપુર

ધારાસભ્ય કાળુભાઈ ડાભી,ટેક્સપીન બેરીંગ કંપનીના માલિક વિશાલભાઈ મકવાણા,પચ્છમ ભાલ દાદાબાપુ ધામ વિજયસિંહ બાપુ સહિત અનેક સંતો મહંતો રાજકીય આગેવાનો સામાજિક આગેવાનો રહિત હજારો લોકો ઉમટી પડ્યા... બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામે દર વર્ષે પરંપરાગત ઉજવવામાં આવતા બજરંગદાસ બાપાની તીથીવાર ની ભવ્ય ઉજવણી સાથે મઢુલીવાળા મહાદેવના ઉત્સવ સાથે 61 દીકરી-દીકરાના સર્વ જ્ઞાતિના સમૂહ લગ્ન યોજાયા સાથે ભવ્ય લોકમેળો યોજાયોહસમસ્ત ધારપીપળા ગામ દ્વારા દર વર્ષે આ ભવ્ય સમુહ લગ્ન સાથે ઉત્સવનું આયોજન કરવામાં આવે છે જેમાં સર્વ જ્ઞાતિના દીકરી-દીકરાના સમૂહ લગ્નનું સુંદર આયોજન કરવામાં આવે છે જ્યારે આ દિવ્ય અને ભવ્ય સમૂહ લગ્ન તેમજ બજરંગદાસ બાપાની તિથિની ઉજવણી પ્રસંગે શ્રી વીર ભૂષણ ધર્મ રક્ષક વિજયસિંહ બાપુ દાદાબાપુ ધામ પચ્છમ ભાલ,નાગનેશ મોટા મંદિરના મહંત મહામંડલેશ્વર 1008 મહામંડલેશ્વર



પતિતપાવનદાસજી મહારાજ,ગંગા મૈયા આશ્રમ કાપડીયાળીના મહાન મહામંડલેશ્વર 1008 નિર્મળદાસ બાપુ ,દામનગર થી ભક્તગીરી માતાજી,ધંધુકા વિધાનસભાના ધારાસભ્ય કાળુભાઈ ડાભી,રાણપુર ટેક્સપીન બેરીંગ કંપનીના માલિક વિશાલભાઈ મકવાણા,રાણપુર વેપારીમાં મંડળના પ્રમુખ અને સમસ્ત ઝાલાવાડ રબારી સમાજના વરિષ્ઠ આગેવાન ઘનશ્યામભાઈ સાવધરીયા, ધારાસભ્યના પ્રતિનિધિ અને દેવળીયા ગામના સરપંચ અને યુવા આગેવાન પરેશભાઈ સલૈયા, બોટાદ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન કેશુભાઈ પંચાળા, જિલ્લા પંચાયતના સદસ્ય વિરમભાઈ મીઠાપરા, બરાનીયા ગ્રામ પંચાયતના સરપંચ દિનેશભાઈ બગોદરીયા સહીત અનેક રાજકીય આગેવાનો મહાનુભાવો સંતો-મહંતો આ દિવ્ય પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા સાથે સર્વ જ્ઞાતિના 61 દીકરી-દીકરાએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.શાસ્ત્રોક વિધિ સાથે સમૂહ લગ્ન યોજાયા.જેમાં સંતોના સામૈયા, ભવ્ય શોભાયાત્રા, મહાપ્રસાદ,સંતોના આશીર્વાદ, રાજકીય અને સામાજિક આગેવાનોના પ્રવચનો સાથે લોક ડાયરો સહિતના વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું સાથે તમામ દીકરીઓને મોટા પ્રમાણમાં કરિયાવર આપવામાં આવ્યો હતો. સાથેજ આ દિવ્ય પ્રસંગે ભવ્ય લોકમેળો યોજાયો હતો જેમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.સમસ્ત ધારાપીપળા ગામ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે 80 હજાર કરતાં વધુ લોકોએ મહાપ્રસાદ લીધો હતો.

સાથે આ મહોત્સવમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાવનગરની બાંભણીયા બ્લડ બેન્ક ના કર્મચારીઓ હાજર રહ્યા હતા અને આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે રાણપુર તાલુકા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન હીરાભાઈ ખાણીયા,હરીરામબાપુ દેશાણી,હરેશભાઈ ભીટોરા એ ભારે જહેમત ઉઠાવી હતી અને આશરે 50 કરતા વધારે રક્તની બોટલ એકત્ર થઈ હતી.

આ દિવ્ય અને ભવ્ય કાર્યક્રમ ધારપીપળા ગામ ખાતે યોજાયો જેમાં હજારો લોકો આ ઉત્સવમાં અને લોકમેળામાં ઉમટી પડ્યા હતા સાથે જ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

લોકો માટે આશાનું કિરણ : આગામી રવિવારે ભવ્ય લોકાર્પણ

# અમદાવાદ ખાતે દશેક કરોડના ખર્ચે તૈયાર થયેલ શ્રી કાનાભાઈ એભાભાઈ મોઢવાડિયા આરોગ્ય ભવનનો સમારોહ યોજાશે

### કીદરખેડાના વતની તથા અમેરિકા રહેતા મુખ્ય દાતા કાનાભાઇ પરિવાર તરફથી એક કરોડ અગિયાર લાખનું અપાયું છે અનુદાન

પોરબંદર થી અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે મોટી સંખ્યામાં લોકો જાય છે ત્યારે તેમના સ્વજનોને રહેવા સહિત ભોજનની સંપુર્ણ સુવિધા મળી રહે તે માટે આધુનિક અનેક સુવિધા થી સજ્જ અંદાજે ૧૦ કરોડના ખર્ચ તૈયાર થયેલ શ્રી કાનાભાઈ એભાભાઈ મોઢવાડિયા આરોગ્ય ભવનનું નિર્માણ થઈ ચુક્યું છે જેનું લોકાર્પણ આગામી રવિવારે કરવામાં આવશે. માનવ જીવનમાં આરોગ્ય સૌથી મોટું ધન છે.જ્યારે ગંભીર બિમારી સમયે સારવાર માટે પોતાના વતનથી દૂર જવું પડે, ત્યારે દર્દી જેટલું દુઃખ ભોગવે છે, એટલું જ તેના પરિવારજનો પણ માનસિક, આર્થિક અને શારીરિક તણાવનો સામનો કરે છે. ખાસ કરીને અમદાવાદ જેવી મહાનગરમાં સારવાર માટે જતા ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓના સ્વજનો માટે રહેવા અને ભોજનની વ્યવસ્થા કરવી અઘરી બની જાય છે. આવી સ્થિતિમાં સેવા, કરુણા અને સમર્પણના ભાવ સાથે નિર્મિત થયેલું શ્રી કાનાભાઈ એભાભાઈ મોઢવાડીયા આરોગ્ય ભવન જરૂરિયાતમંદો માટે આશાનું કિરણ બનીને ઊભર્યું છે. અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવતા દર્દીઓના પરિવારજનોને રહેઠાણ, ભોજન અને અન્ય મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા માટે નિર્મિત આ આરોગ્ય ભવનનું ભવ્ય લોકાર્પણ આગામી રવિવાર, તા.૧૧ જાન્યુઆરીના રોજ સાંજે પાંચ વાગ્યે યોજાશે. આ લોકાર્પણ સમારોહ માત્ર એક ઈમારતના ઉદ્ઘાટન પૂરતો નહીં પરંતુ માનવસેવાના મહાયજ્ઞના શુભારંભ સમાન રહેશે. પોરબંદર અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ ગંભીર રોગોની સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવે છે. સારવાર લાંબા સમય સુધી ચાલતી હોવાના કારણે તેમના સ્વજનોને શહેરમાં રહેવા માટે મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મોંઘા ભાડા, ખોરાકની સમસ્યા અને અજાણ્યા શહેરમાં એકલતા આ બધા પ્રશ્નો દર્દીના દુઃખને વધુ ગાઢ બનાવે છે.આ વાસ્તવિકતા ધ્યાનમાં રાખીને મહેર સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આરોગ્ય ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સેવાકાર્યની શરૂઆત આજથી ચાર દશકા પુર્વે થઈ હતી. વર્ષ ૧૯૮૭માં મહેર સમાજના સેવાભાવી આગેવાનો સર્વ કાનાભાઈ મોઢવાડીયા, ડો.બાલુ ભાઈ ઓડેદરા, અરજન ભાઈ ઓડેદરા, રામભાઈ કેશવાલા, હરદાસભાઈ મોઢવાડીયા, ધીરૂભાઈ મોઢવાડીયા, જે.એલ. દાસા અને અરજનભાઈ કડેગિયાએ સિવિલ હોસ્પિટલ નજીક ત્રણ રૂમનું નાનું મકાન ખરીદી દર્દીઓના સ્વજનો માટે રહેવાની વ્યવસ્થા શરૂ કરી હતી.આ નાનકડા પ્રયાસે સમય જતાં વિશાળ સેવાયજ્ઞનું સ્વરૂપ ધારણ કર્યું,જેના લાભ આજે સુધી હજારો પરિવારોને મળ્યો છે. સમય જતાં દર્દીઓની સંખ્યા વધતી ગઈ અને સાથે રહેવાની સુવિધાની જરૂરિયાત પણ વધી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મહેર સેવા ચેરીટેબલ ટ્રસ્ટે આધુનિક સુવિધાઓથી સજ્જ, વિશાળ અને સુવ્યવસ્થિત આરોગ્ય ભવન બનાવવાનો નિર્ણય લીધો. સેવા અને કરુણાના ભાવ સાથે, સાધન સંપન્ન દાતાઓથી લઈને શ્રમજીવી વર્ગના લોકો સુધી સૌએ પોતાની ક્ષમતા મુજબ ફાળો આપી આ સ્વપ્નને સાકાર કર્યું. આ આરોગ્ય ભવનના નિર્માણની ખાસિયત એ છે કે તેમાં માત્ર મોટા દાતાઓ જ નહીં, પરંતુ ગ્રામ્ય વિસ્તારોના સામાન્ય લોકોએ પણ દિલથી ફાળો આપ્યો છે. સીમર, ગોરાણા, આંતરોલી, ધંધુસર, કલ્યાણપુર તાલુકાના રાજપરા સહિત અનેક ગામોમાંથી ઘરેઘરેથી મળેલા નાનાં-મોટાં ફાળાઓએ આ ભવનના પાયાને મજબૂત બનાવ્યો છે. આ સહયોગ મહેર સમાજની એકતા અને સેવાભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ભવનના મુખ્ય દાતા તરીકે કિંદરખેડાના વતની અને હાલ અમેરિકા નિવાસી શ્રી કાનાભાઈ એભાભાઈ મોઢવાડીયાનો ફાળો ઐતિહાસિક રહ્યો છે.ગુજરાત સરકારના સિંચાઈ વિભાગમાં અધિક્ષક ઈજનેર તરીકે સેવા આપી નિવૃત્ત થયેલા શ્રી કાનાભાઈ મોઢવાડીયાએ (હસ્તાક્ષર દ્વારા પ્રતિનિધિત્વઃ અજયભાઈ કાનાભાઈ મોઢવાડીયા-આર્કિટેક્ટ, લંડન) રૂ. ૧,૧૧,૧૧,૧૧૧ (એક કરોડ અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર)નું માતબર દાન આપ્યું છે. તેમના આ નિઃસ્વાર્થ સેવાભાવને માન આપતાં આ ભવનને 'શ્રી કાનાભાઈ એભાભાઈ મોઢવાડીયા આરોગ્ય ભવન' નામ આપવામાં આવ્યું છે.

# UK જવા ખોટા લગ્ન દસ્તાવેજો બનાવતી ગેંગનો પર્દાફાશ

### કેનેડા રહેતા વકીલ અને ઈંગ્લેન્ડ રહેતી મહિલા સહિત 4ની ગેંગની કબૂતરબાજી

• સૈફ અલી ભટ્ટી વાગરા

પાલેજ પોલીસે યુનાઈટેડ કિંગડમ (યુ.કે.) જવા માટે ખોટા લગ્ન તથા છુટાછેડાના દસ્તાવેજો તૈયાર કરી કબૂતરબાજી કરાતી હોવાના કૌભાંડનો પર્દાફાશ કરી વકીલ સહિત ચાર સાગરીતો સામે ગુનો દાખલ કર્યો છે. સમગ્ર મામલે જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ પત્રકાર પરિષદ યોજી વિગતો જાહેર કરી હતી.પાલેજ પોલીસ ઈન્સ્પેક્ટર આનંદ ચૌધરી તથા તેમનીટીમ દ્વારા અરજીની તપાસ દરમિયાન બહાર આવ્યું કે, વલણનો અને હાલ યુ.કે. રહેતો રીઝવાન ઈસ્માઈલ મેદાએ પોતાની પત્ની તરીકે જંબુસરની તથા હાલ યુ.કે.માં રહેતી તસ્લીમાબાનુ ઈસ્માઈલ કારભારી સાથે ખોટા લગ્નના પુરાવા ઉભા કર્યા હતા. આ માટે આરોપીઓએ ખોટું લગ્ન નોંધણી પ્રમાણપત્ર તૈયાર કર્યું હતું. તપાસમાં વધુ ખુલ્યું કે, રીઝવાન મેદાએ એજન્ટ સોયેબ દાઉદ ઈખ્ખરીયાને ફોન કરી પોતાની પત્ની



તરીકે તસ્લીમાબાનુની યુ.કે.વિઝા અરજી કરવાની સૂચના આપી હતી. વર્ષ 2024ના ફેબ્રુઆરી મહિનામાં તસ્લીમાબાનુએ ખોટું લગ્ન સર્ટિફિકેટ એજન્ટને રજૂ કરતાં, ડિપેન્ડન્ટ વિઝા હેઠળ રીઝવાન મેદાને યુ.કે. બોલાવી લેવાયો હતો.આ બાદ પૈસાની લેતી-દેતીના મુદ્દે આરોપીઓ વચ્ચે આંતરિક વિવાદ સર્જાતા, રીઝવાન મેદાએ અરજદાર મિન્હાજ યાકુબઆ બાદ પૈસાની લેતી-દેતીના મુદ્દે આરોપીઓ વચ્ચે આંતરિક વિવાદ સર્જાતા, રીઝવાન મેદાએ અરજદાર મિન્હાજ યાકુબ ઉઘરાદાર મારફતે પોલીસ સમક્ષ ખોટી ફરીયાદ અરજી રજૂ કરી હતી. વધુમાં, તસ્લીમાબાનુના સગા ભાઈ ફૈઝલ તથા કાંઠારીયાના અને હાલ કેનેડામાં રહેતા સાજીદ કોઠીયા નામના વકીલે રીઝવાન અને તસ્લીમાબાનુ માટે ભરૂચ કોર્ટનું ખોટું છુટાછેડાનું જજમેન્ટ તૈયાર કરી તેનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કર્યો હોવાની હકીકત બહાર આવી છે.પ્રાથમિક તપાસમાં આરોપીઓએ પરસ્પર સહકારથી ગુનાહિત કાવતરું રચી ખોટા દસ્તાવેજો તૈયાર કરી વિઝા મેળવ્યાનું સાબિત થતા, પાલેજ પોલીસે જાતે ફરિયાદી બની ચારેય આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે.આ મામલે ખોટા દસ્તાવેજોના આધારે વિઝા મેળવવામાં આવ્યા હોવાની માહિતી બ્રિટિશ હાઈ કમિશન તથા એમ્બેસીને પાઠવી દેવામાં આવી છે અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સાથે જ આ ટોળકી દ્વારા ભરૂચ કે અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રકારના ગુનાઓ આચરાયા છે કે કેમ તે દિશામાં વિસ્તૃત તપાસ શરૂ કરવામાં આવી છે.

# દહેજ પોલીસે કુકડો કેમિકલ કંપનીમાં ઘરફોડ ચોરી કરી દોઢ વર્ષથી નાસતા-ફરતા બે રીઢા તસ્કરોને ઝડપી પાડ્યા

• દહેજ

દહેજ પોલીસે વડદલા ગામની સીમમાં આવેલી કુકડો કેમિકલ ઈન્ડિયા પ્રા.લિ. કંપનીમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી પોલીસને હાથતાળી આપી રહેલા બે વોન્ટેડ આરોપીઓને પણિયાદરા ચોકડી પાસેથી દબોચી લીધા છે. આ સાથે જ કંપનીના પાઈપિંગ મટીરીયલ્સની ચોરીના આ ચકચારી કેસમાં તમામ આરોપીઓને જેલભેગા કર્યા છે.

ઘટનાની વિગત મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૪માં તસ્કરોએ કુકડો કેમિકલ કંપનીની કંપાઉન્ડ વોલ કૂદી અંદર પ્રવેશ કરી ૧,૦૦,૦૦૦ની કિંમતના ૪૦૦ કિલો મેકેનિકલ પાઈપિંગ મટીરીયલ્સની ચોરી કરી હતી. આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓને પોલીસે અગાઉ મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા, પરંતુ રાકેશ કાનજીભાઈ રાઠોડ અને રવિ ભિખારી પાસવાન (બન્ને રહે. અરજણપુરા, કરજણ) નાસતા ફરતા હતા.



દહેજ પોલીસને બાતમી મળી હતી કે આ બંને આરોપીઓ દહેજ-આમોદ રોડ પર પણિયાદરા ચોકડી નજીક ઉભા છે, જેના આધારે પોલીસે વોચ ગોઠવી બંનેને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓએ ગુનાની કબૂલાત કરતા પોલીસે બી.એન.એસ.ની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાગરા પોલીસે અંકલેશ્વરમાં ધાડ-લૂંટ ચલાવી ૩૦ વર્ષથી ફરાર દાહોદના ૩ રીઢા આરોપીઓને ઝડપી પાડ્યા



• વાગરા

ભરૂચ જિલ્લાની વાગરા પોલીસે ૩૦ વર્ષ જૂના ધાડ અને લૂંટના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસને હાથતાળી આપી રહેલા ત્રણ મોસ્ટ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા છે. અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસ મથકના લિસ્ટેડ આ આરોપીઓ સાયખા જી.આઈ.ડી.સી.માં મજૂરી કામના ઓથે છુપાયા હોવાની બાતમીના આધારે પોલીસે ફિલ્મી ઢબે દરોડો પાડી ત્રણેયને દબોચી લીધા હતા.

વાગરા પોલીસને મળેલ ચોક્કસ બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે સાયખા GIDC વિસ્તારમાં તપાસ હાથ ધરતા, મૂળ દાહોદના બાવકા ગા મના વતની એવા માનસીંગ રાયસીંગ નિનામા (૬૫), દિતિયા રાયસીંગ નિનામા (૬૦) અને દિતિયા છગનભાઈ ભાભોર (૫૫) પોલીસના સકંજામાં આવી ગયા હતા. આ ત્રણેય આરોપીઓ ત્રણ દાયકા પૂર્વે અંકલેશ્વરમાં ધાડ અને લૂંટના ગંભીર ગુના આચરી ફરાર થઈ ગયા હતા. વાગરા પોલીસે આ ત્રણેયનો કબજો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુબીર પોલીસની અનોખી પહેલ

# વાહન ચાલકોને ફૂલ આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા સમજાવ્યા

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અને માર્ગદર્શન હેઠળ, સુબીર પોલીસ સ્ટેશન દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક જાગૃતિ અંગેનો એક પ્રેરણાદાયી કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો.આ કાર્યક્રમ અંતર્ગત પોલીસે દંડનાત્મક કાર્યવાહી કરવાને બદલે 'ગાંધીગીરી' અપનાવી વાહન ચાલકોને ગુલાબના ફૂલ આપી ટ્રાફિક નિયમોનું મહત્વ સમજાવ્યું હતું. નિયમ પાલન માટે 'ફૂલ' આપી અનોખો સંદેશ સુબીર પોલીસની ટીમ દ્વારા આહવા-નવાપુર હાઈવે પર પસાર થતા વાહન ચાલકોને



અટકાવી, હેલ્મેટ પહેરવા, સીટ બેલ્ટ બાંધવા અને ઓવરસ્પીડ ટાળવા જેવી પાયાની બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

હેલ્મેટ અને સીટબેલ્ટ: ટુ-વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવા અને ફોર-વ્હીલર ચાલકોને સીટબેલ્ટના ફાયદા જણાવ્યા.

કાગળોની ચકાસણી: ડ્રાઈવિંગ લાયસન્સ અને વીમો સાથે રાખવા માટે સૂચના આપી.

* નશા મુક્ત ડ્રાઈવિંગ: નશો કરીને વાહન ન ચલાવવા માટે કડક સમજ આપી.

લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ સામાન્ય રીતે પોલીસને જોઈને ગભરાતા વાહન ચાલકો ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા હતા જ્યારે પોલીસકર્મીઓએ તેમને દંડ ફટકારવાને બદલે સન્માનપૂર્વક ફૂલ અર્પણ કર્યા હતા. પોલીસે અપીલ કરી હતી કે, 'ટ્રાફિક નિયમો એ માત્ર કાયદો નથી, પરંતુ તમારી અને તમારા પરિવારની સુરક્ષા માટે છે.' સ્થાનિક ગ્રામજનો અને પ્રવાસીઓએ સુબીર પોલીસની આ નમ્ર અને સંવેદનશીલ કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતોની સંખ્યા ઘટાડવાનો અને લોકો સ્વૈચ્છિક રીતે નિયમોનું પાલન કરતા થાય તેવો રહ્યો હતો.

# નિ:શુલ્ક સેફટી ગાર્ડ લગાવી અકસ્માત થી બચાવ હેલ્મેટ પહેરવાની સૂચના અપાઈ

## ગળતેશ્વર તાલુકાના સેવાલીયા પોલીસ મથક ની પ્રજા લક્ષી પહેલ

• હસમુખભાઈ નાયક ખેડા ગળતેશ્વર,

ઉતરાયણના પર્વે માં પતંગની દોરી વાહન ચાલકો માટે જીવલેણ સાબિત ન થાય તે માટે સેવાલિયા પોલીસ એક્શન મોડમાં આવી છે ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સેવાલિયા પોલીસ મથક દ્વારા 'સલામત ઉતરાયણ' ના સંકલ્પ સાથે એક પ્રજાલક્ષી અભિયાન છેડવામાં આવ્યું છે આ ઝુંબેશ અંતર્ગત પોલીસ જવાનોએ ટૂ-વ્હીલર ચાલકોના વાહનો પર મફતમાં સેફટી ગાર્ડ (વાયર ગાર્ડ) લગાવી આપીને સુરક્ષાનું કવચ પૂરું પાડ્યું હતું, રાજકીય અને વહીવટી દ્રષ્ટિએ આ પહેલ ખૂબ જ મહત્વની ગણાય છે, કારણકે એ પોલીસ અને પ્રજા વચ્ચેના વિશ્વાસને મજબૂત કરે છે, પોલીસ માત્ર સાધનો જ નથી આપ્યા, પરંતુ વાહનચાલકો સાથે સંવાદ સાધીને તેમને હેલ્મેટ પહેરવાની અનિવાર્યતા વિશે પણ માહિતગાર કર્યા હતા. વાહન પર સેફટી ગાર્ડ લગાવવાથી દોરી સીધી ચાલકના ગળા સુધી પહોંચી શકતી નથી, જે અકસ્માત નિવારવામાં પાયાની ભૂમિકા ભજવે છે, પોલીસની આ ' ફ્રેન્ડલી પોલીસિંગ '



ની છબીએ પ્રજાના હૃદય જીતી લીધા છે હ અને લોકોમાં જાગૃતિનો સંચાર કર્યો છે..!

# કરજણ હાઈવે પર હિટ એન્ડ રનઃ લાકોદરા પાટિયા પાસે કારની અડફેટે બાઈક સવાર દંપતી પૈકી પત્નીનું મોત

• કરજણ

વડોદરા-ભરૂચ નેશનલ હાઈવે નં. ૪૮ પર આવેલા લાકોદરા પાટિયા પાસે ગતરોજ વહેલી સવારે કારે બાઈક સવાર દંપતીને જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર પાછળ બેઠેલા પત્નીનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે પતિને લોહી-લુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

ઘટનાની વિગત મુજબ, પુરપાટ વેગે આવી રહેલી એક અજાણી કારે દંપતીની બાઈકને અડફેટે લીધા બાદ કાર ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતા જ કરજણ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ફરાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

નવ નિર્માણ

નિલેશભાઈ મકવાણા પરિવારના દ્વારા મંદિરનું ભવ્ય નવનિર્માણ

# પોરબંદરના સ્મશાનના ગેટ પાસે આવેલી મા મેલડીના મંદિરના નવનિર્માણ પ્રસંગે ધાર્મિક માહોલ સર્જાયો

## હજારો ભક્તોની ઉપસ્થિતિમાં આનંદ અને આસ્થાનો નવો ઉત્સાહ

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર શહેરના સ્મશાનના ગેટ પાસે આવેલ પ્રસિદ્ધ સ્મશાનની મા મેલડીના મંદિરનું છ મહિનામાં બીજીવાર ઝીણો ઉદ્ધાર કરી અતિ આધુનિક અને ભવ્ય રીતે નવનિર્માણ કરવામાં આવ્યું છે. આ સમગ્ર નવનિર્માણ કાર્ય નિલેશભાઈ ભનુભાઈ મકવાણા પરિવારના ઉદાર આર્થિક સહયોગથી શક્ય બન્યું છે, જેના કારણે મંદિરને નવજીવન મળ્યું છે. મંદિરનું કદ નાનું હોવાથી દર્શનાર્થે આવતા ભક્તોને વારંવાર અસુવિધા થતી હતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને મંદિરને વિશાળ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભવ્ય અને આધુનિક નવનિર્માણ બાદ હવે ભક્તોને સુવ્યવસ્થિત રીતે માતાજીના દર્શન કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. મંદિરના નવનિર્માણ પ્રસંગે હજારોની સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મા મેલડીના ડાકનું આયોજન સંદીપભાઈ રાવળદેવ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધા જોવા મળી હતી. સમગ્ર પરિસર જય મા મેલડીના જયઘોષથી ગુંજાયમાન બન્યો હતો.



આ શુભ પ્રસંગની શરૂઆત ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસે રોડ ફૂટપાથ પર રહેતી માતા વિહોણી ચાર નાની દીકરીઓ દ્વારા માતાજીને કંકુ-તિલક કરી કરવામાં આવી હતી. આ દ્રશ્યએ સમગ્ર કાર્યક્રમને ભાવનાત્મક અને માનવતાથી ભરપૂર બનાવ્યો હતો અને ઉપસ્થિત સૌની આંખોમાં લાગણીના ભાવ છલકાયા હતા.

કાર્યક્રમ દરમિયાન મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે વિવેકભાઈ, મહેન્દ્રભાઈ, અનિકેતભાઈ અને નિલેશભાઈના આર્થિક સહયોગથી સંપન્ન થયું હતું.

હજારોભક્તોએપ્રસાદીનોલાભલીધોહતો. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા માટે નિલેશભાઈ ભનુભાઈ મકવાણા, કિરણભાઈ વિનુભાઈ સોલંકી, દેવિન ભીખુભાઈ કોટીયા સહિત અન્ય મિત્રો દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે આમંત્રણ સ્વીકારી ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં પોરબંદરના સેવાભાવી અગ્રણી પ્રવીણભાઈ ખોરાવા, ઉમાબેન ખોરાવા, લીલાબેન મોતીવરસ, માહી ગ્રુપના પ્રમુખ કમલભાઈ ગોસલીયા, ગજેન્દ્રભાઈ વ્યાસ, અનિલભાઈ બથિયા, જયેશભાઈ પાઉ તેમજ નગરપાલિકાના સ્ટાફ વિશેષ રૂપે હાજર રહ્યા હતા. સ્મશાનની મા મેલડીના મંદિરના આ ભવ્ય નવનિર્માણથી ભક્તોમાં આનંદ અને આસ્થાનો નવો ઉત્સાહ પ્રસરી ગયો છે અને માતાજી પ્રત્યેની શ્રદ્ધા વધુ મજબૂત બની છે.

વાહનચાલકોની સુરક્ષા જોખમમાં

# ડાંગના મુખ્ય માર્ગો પર દિવાળીબેન ટ્રસ્ટના હોર્ડિંગ્સથી અકસ્માતનો ભય

જાનહાનિનો ભય

## તંત્ર પાસે તાત્કાલિક પગલાંની માંગ કરવામાં આવી હતી

• આહવા-ડાંગ

પ્રકૃતિના ખોળે વસેલા ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સહિત વઘઈ, સાપુતારા અને સુબીરના મુખ્ય માર્ગો અત્યારે વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યા છે. રોડ ડિવાઈડરો પર દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા લગાવવામાં આવેલા મોટા કદના સાઈનબોર્ડ અને જાહેરાતોને કારણે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઝીરો વિઝિબિલિટી અને સુરક્ષા સામે પ્રશ્નાર્થ પ્રાપ્ત વિગતો અનુસાર, ડિવાઈડરની વચ્ચે હરોળબદ્ધ રીતે લગાવવામાં આવેલા આ હોર્ડિંગ્સની ઊંચાઈ અને સંખ્યા એટલી વધારે છે કે વાહનચાલકોને સામેની બાજુથી આવતા વાહનો દેખાતા નથી. ખાસ કરીને 'U-Turn' કે વળાંક લેતી વખતે 'ઝીરો વિઝિબિલિટી'ના કારણે વાહનો એકબીજા સાથે અથડાવાની શક્યતા વધી ગઈ છે. ટ્રાફિકના નિયમો મુજબ, વાહનચાલકની દ્રષ્ટિ (Line of Sight) માં અવરોધ ઉભો કરે તેવા બોર્ડ જાહેર માર્ગો પર લગાવી શકાતા નથી, છતાં અહીં નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જોવા મળે છે. સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે રોષ સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, 'ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી સામાજિક સેવાઓ ચોક્કસપણે પ્રશંસનીય છે, પરંતુ લોકોના જીવના જોખમે આ પ્રકારની પ્રસિદ્ધિ સ્વીકાર્ય નથી.' પ્રવાસીઓની અવરજવરથી ધમધમતા સાપુતારા અને આહવા જેવા વિસ્તારોમાં જો કોઈ મોટી જાનહાનિ થશે, તો તેની જવાબદારી કોણ લેશે? તેવો વેધક પ્રશ્ન વાહનચાલકો પૂછી રહ્યા છે. હાલમાં ડાંગની જનતા અને વાહનચાલકો દ્વારા માર્ગ અને મકાન વિભાગ તેમજ સ્થાનિક વહીવટી તંત્રને નમ્ર અપીલ કરવામાં આવી છે કે, કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલા આ જોખમી બોર્ડ દૂર કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનું યોગ્ય નિરાકરણ નહીં આવે, તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. અત્યારે તો ડાંગના માર્ગો પર વાહનચાલકોની સુરક્ષા જાણે 'રામભરોસે' હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.



ગળતેશ્વર તાલુકાના કુણી ગામની પ્રાથમિક શાળા ખાતે

# શ્રી શશીકાંતભાઈ ધરીયા ( કુણી વાલા કેમ્પસ ) દ્વારા શાળાની મુલાકાત લીધી!



• હસમુખભાઈ નાયક ગળતેશ્વર ખેડા

આજરોજ ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના કુણી ગામમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં આદરણીય શ્રી શશીકાંતભાઈ ધરીયા કુણી શાળામાં ઓચિંતી મુલાકાત લીધી જેઓ કુણી કેમ્પસ વાલા તરીકે જાણીતા છે તેમજ સાથે થર્મલ પે સેન્ટરના ગ્રુપાચાર્યશ્રી હસમુખભાઈ, શારદા મંદિર હાઈસ્કુલ માંથી શ્રી ઈલેશભાઈ, શ્રી હિતેશભાઈ પટેલ શ્રી બ્રિજેશભાઈ પટેલ,ગામના અગ્રણીઓ આજરોજ અમારી પ્રાથમિક શાળાની મુલાકાતે આવ્યા... તેમનું અમારી શાળા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. તેઓને અમારી શાળા વિશે માહિતગાર કરવામાં આવ્યા. તેઓએ શાળામાં બાળકોની મુલાકાત કરી તેમને બાળકો સાથે વાતચીત કરી ખૂબ જ સારું લાગ્યું. બાળકો ના હિતમાં તેમને શું જરૂરિયાત છે તે વિશે જાણીને એક અદ્યતન સાયન્સ લેબ, અને કોમ્પ્યુટર લેબ બનાવી આપવાનું જણાવ્યું.. શ્રી શશીકાંતભાઈ ધરિયા જેઓએ કુણીગામ , શાળા તેમજ હોસ્પિટલમાં પણ ઘણું દાન આપ્યું છે.. અને આજરોજ શાળામાં પધાર્યા ..અને બાળકોને પણ ઘણું બધું પ્રોત્સાહન આપ્યું ..જે બદલ આપ શ્રી નો શાળા પરિવાર ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.. આ પ્રસંગે શાળાની શિક્ષિકા શ્રીમતી ઉષાબેન ભોઈ તથા ગીતાબેન દ્વારા શાળામાં આવેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું,

# અધિકારીઓની સતત ગેરહાજરીથી આહવા ગ્રામ પંચાયત લાલઘૂમ

## ગ્રામસભા રદ થતા પ્રાંત અધિકારીને ઉગ્ર રજૂઆત

• આહવા (ડાંગ)

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આજે ગ્રામ પંચાયતની ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અધિકારીઓની ગેરહાજરીને કારણે ફરી એકવાર રદ કરવાની ફરજ પડી હતી. છેલ્લા બે વર્ષથી ગ્રામસભામાં અધિકારીઓ ડોકાતા ન હોવાના આક્ષેપ સાથે આહવાના સરપંચ, ઉપસરપંચ અને સેંકડો ગ્રામજનોએ રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી. આહવા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી હરિચંદભાઈ ભોયે અને ઉપસરપંચ શ્રી હરિરામ સાવંતની આગેવાનીમાં આજે ગ્રામસભા બોલાવવામાં આવી હતી. આ સભામાં ગામના પ્રશ્નોની ચર્ચા કરવા માટે અંદાજે 300 થી 400 જેટલા જાગૃત નાગરિકો, વડીલો અને યુવાનો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. જોકે, ગ્રામજનોના પ્રશ્નો સાંભળવા માટે એક પણ જવાબદાર અધિકારી હાજર ન રહેતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સરપંચ હરિચંદભાઈ ભોયેએ જણાવ્યું હતું કે, 'છેલ્લા બે વર્ષથી આહવા ગ્રામ પંચાયતની ગ્રામસભામાં વહીવટી તંત્રના અધિકારીઓ હાજર રહેતા નથી. અધિકારીઓની ગેરહાજરીને કારણે ગામના વિકાસના કામો અને સ્થાનિક સમસ્યાઓનો નિકાલ આવતો નથી.' રેલી સ્વરૂપે પ્રાંત કચેરીએ વિરોધ પ્રદર્શન વારંવારની અવગણનાથી રોષે ભરાયેલા 400 થી 500 જેટલા ગ્રામજનોએ પંચાયત ઘરથી પ્રાંત કચેરી સુધી વિશાળ રેલી કાઢી હતી. સૂત્રોચ્ચાર સાથે વાતાવરણ ગજવી મૂકનાર ગ્રામજનોએ પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરી હતી કે જો ભવિષ્યમાં અધિકારીઓ હાજર નહીં રહે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. લોકશાહીના પાયા સમાન ગ્રામસભાની આ પ્રકારે અવગણના થતા વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

# ડાંગમાં કાતિલ ઠંડીનો પ્રકોપ: લઘુત્તમ તાપમાન 14C નોંધાયું



• આહવા-ડાંગ

ગુજરાતના ચેરાપુંજી ગણાતા ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ડાંગના પહાડી વિસ્તારો અને ગાઢ જંગલોને કારણે અહીં ઠંડીનું જોર રાજ્યના અન્ય ભાગો કરતા વધુ જોવા મળી રહ્યું છે. તાજેતરમાં જિલ્લાનું લઘુત્તમ તાપમાન ગગડીને 14 સેલ્સિયસ પર પહોંચી ગયું છે, જેના કારણે સમગ્ર પંથકમાં 'ફુલ ગુલાબી' ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારથી જ ડાંગના આહવા, સાપુતારા અને વઘઈ જેવા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળે છે. ઠંડીથી બચવા માટે સ્થાનિક લોકો અને પ્રવાસીઓ ગરમ વસ્ત્રો (સ્વેટર, મફલર) તેમજ ઠેર-ઠેર તાપણાનો સહારો લઈ રહ્યા છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકો વહેલી સવારે ખેતરોમાં કે ઘરના આંગણે તાપણું કરીને ઠંડી ઉડાડતા નજરે પડે છે. હિલ સ્ટેશન સાપુતારા ખાતે ઠંડીની મજા માણવા આવતા પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થયો છે.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના મહત્વપૂર્ણ નિયમો અને "રાહવીર યોજના" વિશે માહિતગાર કરાયા

# ડાંગના સુબીર ખાતે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં માર્ગ સલામતી વિષયક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

• આહવા-ડાંગ

ગુજરાત રોડ સેફટી ઓથોરિટી દ્વારા "Safe Road, Safe Life" અભિયાન અંતર્ગત તા.૦૧/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન એક માસ સુધી ટ્રાફિક જાગૃતિને લગતા વિવિધ થીમ આધારિત જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે ગત રોજ ડાંગ જિલ્લાના સુબીર ખાતે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં માર્ગ સલામતી વિષયક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન ડાંગ જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી મોટર વાહન નિરીક્ષક શ્રી ડી.એસ. હળપતિ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના મહત્વપૂર્ણ નિયમો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ, ટ્રાફિક સિગ્નલનું પાલન, ઝેબ્રા ક્રોસિંગનો યોગ્ય ઉપયોગ, ઓવર સ્પીડિંગથી બચવું તેમજ મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યા વગર વાહન ચલાવવાની સમજ આપવામાં આવી હતી.આ ઉપરાંત "રાહવીર યોજના" વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

માર્ગ અકસ્માતના સમયે ઘાયલ વ્યક્તિને સમયસર સારવાર મળે તે માટે રાહવીર યોજનાની ભૂમિકા અને તેના લાભો વિશે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી, જેથી ભવિષ્યમાં કોઈપણ અકસ્માત સમયે વિદ્યાર્થીઓ સમાજમાં જવાબદાર નાગરિક તરીકે મદદરૂપ બની શકે. તથા દરેક વિદ્યાર્થીઓને રાહવીર યોજના બાબતના પતંગોની પણ વહેંચણી કરવામાં આવી હતી. માર્ગ સુરક્ષા માટે સોળ સોનેરી સલાહ૧) હંમેશા હેલ્મેટ અથવા સીટ બેલ્ટનો ઉપયોગ કરીએ.૨) રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ કદી ન કરીએ.૩) સિગ્નલ તોડવાના બદલે ધીરજપૂર્વક રાહ જોઈએ.૪) વાહન ચવાલતી વખતે ક્યારેય મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરીએ.૫) માર્ગની ગતિ મર્યાદાનો ભંગ કરીને પુરઝડપે અથવા જોખમી રીતે વાહન ન ચાલવીએ.૬) ઉતાવળ કરીને જોખમી રીતે ઓવરટેક ન કરીએ.૭) લેન ડ્રાઈવિંગની શિસ્ત જાળવીએ.૮) જાહેર માર્ગ પર રેસિંગ કે સ્ટંટ ન કરીએ.૯) રસ્તા પર વાહન ખોટી રીતે પાર્ક ન કરીએ.૧૦) લાઈસન્સ ન ધરાવતા કોઈપણ વ્યક્તિને વાહન ચલાવવા ન આપીએ.૧૧) વિમા વગર વાહન ન ચલાવવું જોઈએ.૧૨) પરમીટ કરતાં વધુ પેસેન્જરની મુસાફરી કરાવવી ગુનો બને છે.૧૩) દરેક વાહનનો વીમો ઉતરાવવો અનિવાર્ય છે.૧૪) કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ન ચલાવીએ.૧૫) માલવાહક વાહનોનો મુસાફરી માટે ઉપયોગ ન કરવો.૧૬) ટ્રાફિકના નિયમોનું પાલન કરીએ, પોતાની તેમજ અન્યોની જીંદગી બચાવીએ.

# પિકઅપ ગાડીમાંથી ચોરી-છુપીથી વહેચાતું શંકાસ્પદ ડીઝલ ઝડપી પાડ્યું

### અંકલેશ્વર પોલીસે કાપોદ્રા ગામે કાર્યવાહી દરમિયાન એક શખસ ઝડપાયો

• અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસે કાપોદ્રા ગામની સીમમાં દરોડો પાડી ગેરકાયદેસર રીતે વહેચાતા શંકાસ્પદ ડીઝલના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી ડીઝલ અને વાહન મળી કુલ ૪.૧૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની વિગત મુજબ, તાલુકા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે કાપોદ્રા પાસેની સાઈ દર્શન સોસાયટી નજીક એક પિકઅપ ગાડીમાંથી કારબા વડે આઈસર ટેમ્પોમાં ડીઝલ પધરાવવામાં આવી રહ્યું છે. પોલીસે તાત્કાલિક દરોડો પાડતા સ્થળ પરથી ૮૫ લીટર શંકાસ્પદ ડીઝલ મળી આવ્યું હતું. આ મામલે પોલીસે કાપોદ્રાના મંદિર ફળિયામાં રહેતા વિજય ગણેશ વસાવાને ઝડપી પાડી પૂછપરછ કરી હતી, પરંતુ તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. પોલીસે ૭,૦૦૦નું ડીઝલ અને ૪ લાખની ગાડી મળી કુલ ૪,૧૩,૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## પાલતુ શ્વાને બટકું ભરતાં માથાકૂટ, દંપતીનાં મકાન ઉપર પથ્થરમારો

રાજકોટ: કટારીયા ચોકડી નજીકની લક્ષ્મી નારાયણ સોસાયટી પાસે આવેલા મોદીનગરમાં રહેતા અને મનપામાં કોન્ટ્રાક્ટ બેઈઝ પર સફાઈ કામદાર તરીકે નોકરી કરતાં જોશનાબેન દીપકભાઈ પરમાર (ઉ.વ.૨૮)ના પાલતુ શ્વાને એક શખ્સને બટકુ ભરતાં થયેલી માથાકૂટના કારણે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી હુમલો અને પથ્થરમારો કર્યો હતો.જે અંગે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં જોશનાબેને જણાવ્યું છે કે તેના ઘરની બાજુમાં તેની જ્ઞાતિના માણસોનો વંડો છે. જ્યાં બેસતા માણસો ઘણીવાર તેના ઘરે પીવા માટે પાણી લઈ જતા હોય છે. તે જ રીતે એક છોકરો તેના ઘરે પાણી પીવા માટે આવતા તેનો પાલતુ શ્વાન દોડતા તે છોકરો ભાગી ગયો હતો. જેથી તે અને પરિવારના સભ્યો ઘરની બહાર આવી તે છોકરાને પૂછ્યા વગર કેમ ઘરમાં આવ્યો તેમ કહી સમજાવટ કરી હતી.તે વખતે તે છોકરાએ કહ્યું કે હું પાણી લેવા આવ્યો હતો અને તમારા શ્વાને મને બટકુ ભર્યું છે. જેથી જોતાં હાથના ભાગે ઉઝરડા પડી ગયા હતાં. જેથી તેણે કહ્યું કે આમાં ઈન્જેકશન નહીં લેવું પડે, કારણ કે અમે અમારા શ્વાનને ઈન્જેકશન અપાવ્યું છે.

**ઉકેલ** સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપવા માટે તૈયાર કરવાનો છે

# અમદાવાદમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે 'સારથી' હેલ્પ લાઇન શરૂ, માત્ર એક મેસેજ પર મળશે મૂંઝવણનો ઉકેલ

### 60 જેટલા સાયકોલોજિસ્ટની ટીમ મેદાનમાં ઉતારવામાં આવી

• અમદાવાદ

અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરી દ્વારા બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની ચિંતા અને મૂંઝવણ દૂર કરવા માટે સતત ચોથા વર્ષે સારથી હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે. આ હેલ્પલાઈન માટે ખાસ '9909922648' વોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. જે રીતે મહાભારતમાં અર્જુનને શ્રીકૃષ્ણનો સાથ મળ્યો હતો, તેમ પરીક્ષાર્થીઓને માર્ગદર્શન આપવાના હેતુથી આ સેવાનું નામ 'સારથી' રાખવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓએ માત્ર આ નંબર પર પોતાનો પ્રશ્ન મેસેજ કરવાનો રહેશે, ત્યારબાદ કચેરીની ટીમ ગણતરીના કલાકોમાં તેનો ઉકેલ લાવવા સક્રિય થશે. વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન કોઈ ખાસ વિષય, દાખલા કે થીયરીમાં મુશ્કેલી હોય તો તેઓ આ હેલ્પલાઈનનો સહારો લઈ શકશે. DEO કચેરી દ્વારા વિષય નિષ્ણાતોની એક ખાસ ટીમ તૈયાર કરવામાં આવી છે. જ્યારે કોઈ વિદ્યાર્થી વિષયલક્ષી પ્રશ્ન વોટ્સએપ પર મોકલે છે, ત્યારે તે મેસેજ સંબંધિત વિષયના એક્સપર્ટને ફોરવર્ડ કરવામાં આવે છે. ત્યારબાદ આ એક્સપર્ટ સામેથી વિદ્યાર્થીનો સંપર્ક કરે છે અને જ્યાં સુધી વિદ્યાર્થીને પ્રશ્ન પૂરેપૂરો સમજાઈ ન જાય ત્યાં સુધી તેની સાથે વાતચીત કરીને સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શન પૂરું પાડે છે. પરીક્ષાના સમયે વિદ્યાર્થીઓમાં જોવા મળતા તણાવ અને ડરને દૂર કરવા માટે આ વખતે 60 જેટલા સાયકોલોજિસ્ટની ટીમ મેદાનમાં ઉતારવામાં આવી છે. ખાસ કરીને પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માનસિક દબાણ હેઠળ કોઈ ખોટું પગલું ન ભરે તે માટે આ ટીમ સતત કાર્યરત રહેશે. જે વિદ્યાર્થીઓને પરીક્ષાનો ડર લાગતો હોય અથવા આત્મવિશ્વાસની કમી અનુભવાતી હોય, તેઓ મેસેજ કરશે એટલે મનોચિકિત્સકો તેમને સામેથી ફોન કરીને કાઉન્સેલિંગ કરશે. આ સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપવા માટે તૈયાર કરવાનો છે.



### કુલ ૧૭.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત

# ભરૂચ LCB એ અંકલેશ્વરના ભરણ ગામેથી ૧૫.૧૬ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

**તપાસ** દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને તેની પાછળ કોનું નેટવર્ક છે તે દિશામાં વધુ તપાસ કરી રહી છે

• ભરૂચ/અંકલેશ્વર

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) બાતમીના આધારે અંકલેશ્વર તાલુકાના ભરણ ગામની સીમમાં દરોડો પાડી વિદેશી દારૂના મોટા જથ્થા સાથે 'કટિંગ'ના કારસાને નિષ્ફળ બનાવ્યો છે. પોલીસે સ્થળ પરથી એક સ્વીફ્ટ કાર અને જમીન પર પડેલા દારૂના કુલ ૧૪૦ બોક્સ મળી ૧૭.૧૬ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

LCB ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ભરણ ગામની સીમમાં ત ળાવ પાસે ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂનું કટિંગ ચાલી રહ્યું છે . બાતમીના આધારે પોલીસે કોઈને શંકા ન જાય તે રીતે ખેતરોના



પગ દંડી રસ્તે થઈને બાતમીવાળી જ ગ્યા એ ઓચિંતી રેડ કરી હતી. પોલી સને જોઈને સ્વીફ્ટ કારનો ચાલક અને અન્ય સંડોવાયેલા ઈસમો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. ઘટના સ્થળે તપાસ કરતા મારૂતી સ્વિફ્ટ કાર (નંબર GJ-05- J L-0335) માંથી અને તેની આસ પા સ જમીન પર ગોઠવેલા વિદેશી દારૂના ૧૪૦ બોક્સ મળી આ વ્યા હતા. જેમાં કુલ ૫૩૪૦ બોટલ દારૂ હતો, જેની કિંમત ૧૫, ૧૬,૫૬૦/- આંકવામાં આવી છે. પોલીસે ૨ લાખની કાર અને દારૂ મળી કુલ ૧૭,૧૬,૫૬૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. પો લીસે સ્વીફ્ટ કારના અજાણ્યા ચાલક તેમજ દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર તમામ ઈસમો વિરુદ્ધ પાનોલી પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેમને વોન્ટેડ જા હે ર કર્યા છે. હાલ પોલીસ આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને તેની પાછળ કોનું નેટવર્ક છે તે દિશામાં વધુ તપાસ કરી રહી છે.

### ભરૂચમાં રોજગારીનો મહાકુંભઃ જે.પી. કોલેજ ખાતે

# મેગા જોબફેરમાં ૪૪ નામાંકિત કંપનીઓએ ૨૩૮૧ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવી




• ભરૂચ

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ભરૂચની જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે ભરૂચ અને નર્મદા જિલ્લાના યુવાનો માટે 'ક્લસ્ટર મેગા જોબફેર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રોજગાર મેળામાં રિલાયન્સ, એસઆરએફ, સનફાર્મા અને એમઆરએફ જેવી ૪૪ જેટલી નામાંકિત કંપનીઓએ ઉપસ્થિત રહી ૨૩૮૧ વિવિધ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી, જેમાં મોટી સંખ્યામાં શૈક્ષણિક લાયકાત ધરાવતા યુવક-યુવતીઓ ઉમટી પડ્યા હતા.

આ કાર્યક્રમનો શુભારંભ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અરૂણસિંહ રણા, જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી અને નાયબ કલેક્ટર પાર્થ જયસ્વાલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયો હતો. આ જોબફેરમાં એસએસસીથી લઈને એન્જિનિયરિંગ સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે એક્ઝિક્યુટિવ, ક્યુસી ઓફિસર અને એપ્રેન્ટિસ જેવી વિવિધ કેડર માટે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંદાજે ૫૦૦૦ જેટલા ઉમેદવારોને કોલલેટર પાઠવી રોજગારીની સુવર્ણ તક પૂરી પાડવામાં આવી હતી.ઔદ્યોગિક ગઢ ગણાતા ભરૂચમાં સ્થાનિક યુવાનોને ઘરઆંગણે જ રોજગારી મળી રહે તેવા હેતુથી યોજાયેલા આ મેળાને ભારે પ્રતિસાદ સાંપડ્યો હતો.

# રજાના દિવસે કચેરી ખોલનાર પદાધિકારીના પતિ સામે રિપોર્ટ

### આમોદ તાલુકા પંચાયતમાં સત્તાનો ખેલઃ નિર્દોષ સફાઈ કર્મીને બલિનો બકરો બનાવતા હોબાળો

• આમોદ

આમોદ તાલુકા પંચાયત કચેરીમાં રવિવારની રજાના દિવસે સત્તાના દુરુપયોગની ગંભીર ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. કારોબારી અધ્યક્ષના પતિ કેતન પટેલ હિસાબી શાખામાં અધિકારીની ખુરશી પર બેસી બિનઅધિકૃત રીતે કામગીરી કરતા વીડિયોમાં કેદ થતા તંત્રની પોલ ખુલી ગઈ છે. જોકે, આ પ્રકરણમાં સાચા દોષિતો સામે પગલાં ભરવાને બદલે સફાઈ કામદાર અશોક સોલંકીને ફરજમુક્ત કરી 'બલિનો બકરો' બનાવવામાં આવતા સફાઈ કામદાર સંઘે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

આ ઘટના અંગે ઈન્ચાર્જ ટી.ડી.ઓ.એ જણાવ્યું હતું કે, કચેરીના વડાની મંજૂરી વિના હિસાબી શાખા ખોલવી એ ગંભીર બાબત છે. પદાધિકારીના પતિ દ્વારા કરવામાં આવેલા સત્તાના દુરુપયોગ બદલ જિલ્લા વિકાસ અધિકારીને (DDO) ગેરલાયકાત સંદર્ભે



રિપોર્ટ સોંપવામાં આવ્યો છે, જ્યારે હિસાબી અધિકારીને પણ નોટિસ ફટકારાઈ છે. બીજી તરફ, અખિલ ભારતીય સફાઈ કામદાર સંઘના પ્રમુખ હીરાભાઈ સોલંકીએ આક્ષેપ કર્યો છે કે પ્રભાવશાળી લોકોને બચાવવા ગરીબ કર્મચારી પર ગાજ પાડી અન્યાય કરવામાં આવ્યો છે. જો સફાઈ કર્મીને તાત્કાલિક ફરજ પર પરત લેવામાં નહીં આવે તો જવાબદાર અધિકારીઓ સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ કરવાની ચેતવણી આપવામાં આવી છે.

## યુકે જવાના ઘેલછામાં 'લગ્ન' પણ નકલી અને 'કોર્ટનો ચુકાદો' પણ નકલી! પાલેજ પોલીસે આંતરરાષ્ટ્રીય વિઝા રેકેટનો પર્દાફાશ

• પાલેજ

વિદેશ જવાની લાલચમાં કાયદાની મર્યાદાઓ નોળવીને ખોટા દસ્તાવેજોના આધારે યુકે (UK) ના વિઝા મેળવવાના મસમોટા કૌભાંડનો પાલેજ પોલીસે પર્દાફાશ કર્યો છે. આ કેસમાં લગ્નના ખોટા પુરાવા અને ભરૂચ કોર્ટનું છૂટાછેડાનું નકલી જજમેન્ટ બનાવી વિદેશ જતી ટોળકી વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.આ રેકેટની વિગત મુજબ, રીઝવાન મેદાએ તસ્લીમાબાનુ કારભારીને પોતાની પત્ની તરીકે દર્શાવી લગ્નનું નકલી સર્ટિફિકેટ બનાવ્યું હતું. આ ખોટા પુરાવાના આધારે એજન્ટ મારફતે યુકેના ડિપેન્ડન્ટ વિઝા મેળવી તસ્લીમાબાનુ વિદેશ પહોંચી ગઈ હતી. નવાઈની વાત તો એ છે કે, આ ટોળકીએ આટલેથી ન અટકતા એડવોકેટ સાજીદ કોઠીયા સાથે મળી ભરૂચ કોર્ટનું છૂટાછેડાનું નકલી જજમેન્ટ પણ તૈયાર કરી નાખ્યું હતું. જોકે, આર્થિક વ્યવહારોમાં આંતરિક મનદુ:ખ થતા આ આખો ખેલ પોલીસ સમક્ષ આવી ગયો હતો.પાલેજ પોલીસે આ મામલે રીઝવાન મેદા (યુકે), તસ્લીમાબાનુ (યુકે), ફૈઝલ કારભારી (યુકે) અને એડવોકેટ સાજીદ કોઠીયા (કેનેડા) વિરુદ્ધ છેતરપિંડી અને કાવતરાનો ગુનો દાખલ કર્યો છે. આ મામલે બ્રિટિશ હાઈ કમિશન અને એમ્બેસીને પણ જાણ કરવામાં આવી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ટોળકીએ અન્ય કેટલા લોકોને આ પ્રકારે નકલી દસ્તાવેજોના આધારે વિદેશ મોકલ્યા છે.

### જંત્રણની શાળામાં 'પોલીસ પાઠશાળા'

# મહિલા પોલીસ સ્ટેશન દ્વારા ૩૦૦ વિદ્યાર્થીઓને વુમન સેફટી અને સાયબર ક્રાઈમ અંગે સજ્જ કરાયા

• જંબુસર

જંબુસરના જંત્રણ ગામે આવેલી વિદ્યાની કુંજ માધ્યમિક શાળા ખાતે ભરૂચ મહિલા પોલીસ સ્ટેશન દ્વારા વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ ૯ થી ૧૨ ના આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જ્યાં તેમને વર્તમાન સમયના પડકારો અને સુરક્ષાના પાઠ ભણાવવામાં આવ્યા હતા.

મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.એ. આહીરે વિદ્યાર્થીઓને સ્ત્રી સશક્તિકરણ, 'ગુડ ટચ-બેડ ટચ', છેડતી અને જાતીય શોષણ જેવા સંવેદનશીલ મુદ્દા ઓ પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપ રાં ત, ટેકનોલોજીના યુગમાં સાયબર ક્રાઈમથી કેવી રીતે બચવું, NDPS એક્ટ હેઠળ ડ્રગ્સના દૂષણથી દૂર ૨ હેવા અને ટ્રાફિકના નિયમોના પાલન અંગે પણ સવિ સ્તાર માહિતી અપાઈ હતી. નવા બદલાયેલા કાયદાઓ અને મહિલા સુરક્ષા માટેની હેલ્પલાઈન વિશે જાણી વિદ્યાર્થીઓ માહિતગાર થયા હતા.



# બહુજન સંગઠનોએ કલેક્ટરને આવેદન આપી દેશવ્યાપી આંદોલનનું રણશિંગુ ફૂંક્યું

### બામસેફ અધિવેશન અટકાવતા ભરૂચમાં રોષનો જ્વાળા

• ભરૂચ




ઓડિશામાં યોજાનાર બામસેફ અને ભારત મુક્તિ મોરચાના રાષ્ટ્રીય અધિવેશનને ગેરકાયદેસર રીતે અટકાવવાના વિરોધમાં ભરૂચના વિવિધ બહુજન સંગઠનો જેવાકે, ભારત મુક્તિ મોરચા, બહુજન ક્રાંતિ મોરચા અને રાષ્ટ્રીય પછાત વર્ગ મોરચા સહિતના સંગઠનોએ સંયુક્ત રીતે જિલ્લા કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિને સંબોધતું આવેદનપત્ર પાઠવી આ કાર્યવાહીને બંધારણીય અધિકારોનું હનન ગણાવ્યું હતું.

આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે કે, ડિસે મ્બર-૨૦૨૫માં પ્રસ્તાવિત આ કાર્યક્રમને રોકીને લોકશાહીના મૂલ્યોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. આ અન્યાય સામે સંગઠનો દ્વારા ચાર તબક્કામાં રાષ્ટ્રવ્યાપી આંદોલન છેડવાની જાહેરાત કરવામાં આવી છે, જેના પ્રથમ ચરણરૂપે દેશભરમાં વિરોધ પ્રદર્શન સાથે આવેદનપત્ર અપાયા હતા. ભરૂચ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં લંકેશ મયાત્રા, ચેતન ગોહિલ, અનંત મોટાવલ અને અરવિંદ પરમાર સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી 'મૂળનિવાસી' સમાજના અવાજને દબાવવાના પ્રયાસો સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# માણસાના બોરુ અંબાજી મંદિરમાં 3.37 લાખની ચોરી

• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના પ્રેમનગર બોરુ સ્થિત અંબાજી માતાના મંદિરમાં શનિવારે રાત્રે ચોરી થઈ હતી. અજાણ્યા તસ્કરો મંદિરના મુખ્ય દરવાજા ખોલી માતાજીના સોના-ચાંદીના આભૂષણો અને દાનપેટીમાંથી રોકડ રકમ ચોરી ફરાર થઈ ગયા હતા. પ્રાથમિક તપાસ મુજબ, આ ચોરીમાં કુલ 3,37,500ની મત્તાની ચોરી થઈ છે. ચોરીની જાણ વહેલી સવારે મંદિરના પૂજારી અશ્વિન ગીરી ગોસ્વામીને થઈ હતી. તેમણે તાત્કાલિક મંદિર કમિટીના સભ્યોને જાણ કરી. ત્યારબાદ માણસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તસ્કરોએ માતાજીની મૂર્તિ પરથી 1,20,000ની કિંમતનું 500 ગ્રામ વજનનું ચાંદીનું સત્તર, 52,000ની કિંમતનો સોનાનો વરખ લગાવેલ હારનો સેટ અને 1,62,500નું સોનાનું મંગલસૂત્ર ચોરી લીધું હતું. દાનપેટીમાંથી 3,000ની રોકડ પણ ચોરી થઈ હતી. ચોરીની જાણ થયા બાદ ગામ લોકોએ આસપાસ તપાસ કરતા મંદિરથી થોડે દૂર દાનપેટી તૂટેલી હાલતમાં મળી આવી હતી. માણસા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કરૂણાની શીખ**

### 'ચાઈનીઝ દોરીને ના, પક્ષી બચાવવાને હા'

# અમદાવાદની 1800 શાળાઓના 5 લાખ વિદ્યાર્થીઓએ શપથ લીધા

### શિક્ષકો અને વહીવટી સ્ટાફે પણ આ શપથમાં જોડાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા

• અમદાવાદ

ઉતરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ચાઈનીઝ દોરીના જીવલેણ જોખમને ખાળવા માટે અમદાવાદ શહેરની શાળાઓએ એક પ્રશંસનીય પહેલ કરી છે. શહેરની આશરે 1800 જેટલી શાળાઓના 5 લાખથી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ પક્ષીઓ અને મનુષ્યોના જીવ બચાવવા માટે સામૂહિક સંકલ્પ લીધા છે.

વિદ્યાર્થીઓએ, સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ માંઝા કે કાચવાળી દોરીનો ઉપયોગ ન કરવો અને અન્યોને પણ રોકવા. જો કોઈ પક્ષી ઈજાગ્રસ્ત જણાય તો તેને તાત્કાલિક સારવાર અપાવવી અને કરુણા અભિયાનમાં સહભાગી થવું. આગની ઘટનાઓ રોકવા માટે આકાશમાં તુક્કલ ન ઉડાડવા સહિતની પ્રતિજ્ઞાઓ લીધી હતી. અમદાવાદ DEOના જણાવ્યા અનુસાર, દર વર્ષની જેમ આ વર્ષે પણ શિક્ષણ વિભાગ અને વન વિભાગના સહયોગથી આ જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તાજેતરમાં સેવન્થ ડે સ્કૂલ ખાતે સ્થાનિક ધારાસભ્યની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ અબોલ પશુ-પક્ષીઓની સુરક્ષા માટે શપથ લીધા હતા. માત્ર પતંગની મજા જ નહીં, પણ સાથે સામાજિક જવાબદારીનું પણ પાલન થાય તે હેતુથી શાળાઓમાં આ નવતર પ્રયોગ શરૂ કરાયો છે.



શિક્ષકો અને વહીવટી સ્ટાફે પણ આ શપથમાં જોડાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ મુહિમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં નાનપણથી જ જીવદયાના સંસ્કારોનું સિંચન કરવાનો અને ઉત્તરાયણના પર્વને લોહિયાળ બનતો અટકાવવાનો છે.

### તાલુકા પોલીસે 5.40 લાખનો મુદ્દામાલ જપ્ત કરી દીધો

# જેતપુરના ચારણ સમઢીયાળા ગામે બંધ મકાનમાંથી 5.40 લાખનો વિદેશી દારૂ ઝડપાયો : આરોપી ફરાર

**કાર્યવાહી** બુટલેગર કૃપાલસિંહ પરમારની શોધખોળ હાથ ધરવામાં આવી

• સુરેશ ભાલીયા જેતપુર,

રાજકોટ રેન્જ આઈજી દ્વારા જિલ્લામાં દારૂનું દુષણ ડામી દેવા કરેલા આદેશના પગલે ગ્રામ્ય એસપી ની સૂચનાથી જેતપુર ડીવાયએસપી ના માર્ગદર્શન હેઠળ જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ અને ટીમ ને મળેલ બાતમીના આધારે જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે બે મકાનમાં દરોડો પાડી 5.40 લાખના વિદેશી દારૂ બોટલ નંગ 1060, 180 એમએલ ની ઝડપી આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ જિલ્લા એસપી વિજયસિંહ ગુર્જરની સુચના અને જેતપુર ડીવાયએસપી આરએ ડોડીયા ના માર્ગદર્શન હેઠળ જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ અજીતસિંહ એમ હેરમા અને ટીમ વિસ્તાર પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. એ દરમિયાન મળેલ ચોક્કસ બાતમીના આધારે જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે અગાઉ દારૂના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા આરોપી કૃપાલસિંહ પરમાર એ તેના કાકા ના બંધ મકાન તેમજ અન્ય એક અવાવરું મકાનમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે તેવી હકીકત મળી હતી. જેના પગલે પી.આઈ હેરમા સહિતની ટીમે ઉપરોક્ત બંને મકાનોમાં દરોડો પાડતા 180 એમ.એલ ની 5,40,496 ની કિંમત ની 160 બોટલ વિદેશી દારૂ નો જથ્થો મળી આવતા



કબજે કરી નાસી છૂટેલા આરોપી કૃપાલસિંહ દિલુભા પરમાર રહે ચારણ સમઢીયાળા તાલુકો જેતપુર વાળા ની શોધખોળ શરૂ કરી છે. આ અંગેની કામગીરીમાં જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ અજીતસિંહ હેરમાં,એએસઆઈ ભુરાભાઈ માલીવાડ, ભીમાભાઈ ગંભીર, વિપુલભાઈ મારુ, અજીતભાઈ ગંભીર, મનીષભાઈ જોગરાદીયા, પ્રધુમનસિંહ વાઘેલા સહિતની ટીમ જોડાઈ હતી.

# મહેશ વસાવાએ કેસરીયો ત્યાગી પંજો પકડ્યો, 'આપ'ને ભાજપની 'B-ટીમ' ગણાવી દીધી

### ગુજરાતના રાજકારણમાં મોટો ઉલટફેર : મહેશ વસાવાએ આક્રમક પ્રહાર કર્યા

• નર્મદા/ભરૂચ

ગુજરાતના આદિવાસી બેલ્ટના રાજકારણમાં ફરી એકવાર મોટા ફેરફારોના સંકેત મળ્યા છે. ભારતીય ટ્રાયબલ પાર્ટી (BTP)ના રાષ્ટ્રીય પ્રમુખ અને દેડિયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. ભાજપમાંથી નવ મહિના પહેલા રાજીનામું આપ્યા બાદ, તેમણે કોંગ્રેસની વિચારધારા સાથે ચાલવાનો નિર્ણય લેતા આદિવાસી પટ્ટાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે.

કોંગ્રેસમાં જોડાતાની સાથે જ મહેશ વસાવાએ ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ સામે હવે જળ, જંગલ અને જમીનની લડત કોંગ્રેસ સાથે મળીને લડાશે. તેમણે વધુમાં સનસનીખેજ આક્ષેપ કર્યો હતો કે 'આમ આદમી પાર્ટી' એ ભાજપની 'બી-ટીમ' છે અને તે માત્ર કોંગ્રેસના મતો તોડવાનું કામ કરે છે. બીટીપીના સ્થાપક છોટુ વસાવાના પુત્ર



મહેશ વસાવાએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ સમાજના કચડાયેલા વર્ગનો અવાજ બનવા માટે કોંગ્રેસમાં પરત ફર્યા છે.

મહેશ વસાવાના કોંગ્રેસ પ્રવેશથી દેડિયાપાડા વિધાનસભા બેઠક પર નવા સમીકરણો રચાયા છે. કોંગ્રેસના મજબૂત નેતા અમરસિંહ વસાવાના નિધન બાદ ખાલી પડેલી જગ્યામાં હવે મહેશ વસાવા પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. અહીં તેમનો સીધો મુકાબલો તેમના જ ભૂતપૂર્વ શિષ્ય અને હાલના 'આપ' ના નેતા ચૈતર વસાવા સામે થવાની શક્યતા છે. બીજી તરફ, ભાજપના સાંસદ મનસુખ વસાવાએ આ નિર્ણયને આવકારી તેમને ઝઘડિયા બેઠક પર ધ્યાન કેન્દ્રિત કરવા સૂચન કર્યું હતું. મહેશ વસાવાના આ પક્ષ પલટાથી આગામી ચૂંટણીઓમાં આદિવાસી મતોનું ધ્રુવીકરણ કઈ તરફ જશે તેના પર સૌની મીટ મંડાણી છે.

# નવા વર્ષનું અદ્ભુત ખગોળીય સ્વાગત: ગુજરાતમાં ૨૦ લાખ લોકોએ 'ક્વોડરેન્ટિડસ' ઉલ્કાવર્ષાનો નજારો માણી રોમાંચ અનુભવ્યો

• અમદાવાદ/રાજકોટ

વર્ષ ૨૦૨૬ના પ્રારંભે જ અવકાશમાં કુદરતની અદ્ભુત આતશબાજી સમાન 'ક્વોડરેન્ટિડસ' ઉલ્કાવર્ષાનો નજારો જોવા મળ્યો હતો. ભારત જન વિજ્ઞાન જાથાની અપીલને પગલે સમગ્ર દેશમાં લાખો અને માત્ર ગુજરાતમાં જ ૨૦ લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓએ જાગીને આ આકાશી ઘટનાને નિહાળી હતી. વાદળોના સામાન્ય અવરોધ વચ્ચે પણ મધ્યરાત્રિથી પરોઢ સુધી આકાશ તેજ લીસોટાઓથી ઝળહળી ઉઠ્યું હતું.

વિજ્ઞાન જાથાના રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાના જણાવ્યા અનુસાર, ૧ થી ૪ જાન્યુઆરી દરમિયા ન આ ઉલ્કાવર્ષાનો પ્રભાવ જોવા મળ્યો હતો. શરૂઆતમાં પ્રતિ કલાક ૮ થી ૧૫ ઉલ્કા ઓ દેખાયા બાદ, ૨ અને ૩ જાન્યુઆરીની મધ્યરાત્રિએ તેની તીવ્રતા વધીને કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કાઓ સુધી પહોંચી હતી. યુરોપમાં આ આંક ડો ૩૦ થી ૧૦૦ નોંધાયો હતો. રાજકોટના મે ટોડા ગામે રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમમાં બ્રહ્માંડ, ધૂમકેતુ અને ગ્રહો વિશેની રસપ્રદ માહિતી આપી લોકોની જિજ્ઞાસા સંતોષવામાં આવી હતી. જાથાએ ઉલ્કા વિશે સમજૂતી આપતા જણાવ્યું કે, અ વકાશમાં ભટકતો ધૂળ, કાંકરા અને પથ્થરનો ભં ગાર જ્યારે પૃથ્વીના ગુરુત્વાકર્ષણને કારણે વાતાવરણમાં પ્રવેશે છે, ત્યારે હવા સાથેના ઘર્ષણને કા રણે તે સળગી ઉઠે છે, જેને આપણે 'ખરતો તા રો' કહીએ છીએ. દરરોજ અંદાજે ૪૦ ટન જે ટ લી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે, જે પૃથ્વીનું વજન પણ વધારે છે. જોકે, મોટાભાગની ઉલ્કાઓ હવામાં જ ભસ્મીભૂત થઈ જતી હોવાથી જમીન પર જાનહાનીનું જોખમ નહિવત રહે છે.

ખગોળવિદોના મતે, કરોડો વર્ષ પહેલા તોતિંગ ઉલ્કા પડવાને કારણે જ પૃથ્વી પરથી ડાયનોસોરનો સફાયો થયો હતો. અમેરિકાના એરિઝોનામાં ૨૨,૦૦૦ વર્ષ પહેલા થયેલા ઉલ્કાપાતથી આજે પણ ૪,૦૦૦ ફૂટ વ્યાસનો વિશાળ ખાડો અસ્તિત્વમાં છે.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અધિકારીઓ સાથે બેઠક કરી, આગામી બજેટ સંદર્ભે બેઠકમાં ચર્ચા

• ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહ, ઉદ્યોગ અને પ્રવાસન વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં આગામી બજેટ સંદર્ભે ચર્ચાઓ કરવામાં આવી હતી.ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલની સરકારમાં મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યુ ત્યાર બાદ આગામી



સમયમાં પ્રથમ બજેટ સત્ર યોજાશે. આ બજેટ સત્ર અગાઉ સરકારના મંત્રીઓ એલર્ટ થયા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહ, ઉદ્યોગ અને પ્રવાસન વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં આગામી બજેટ સંદર્ભે ચર્ચાઓ કરવામાં આવી હતી. રાજ્યમાં મંત્રી મંડળના વિસ્તરણ બાદ રાજ્યમાં નવા મંત્રી મંડળ સાથે આગામી સમયમાં બજેટ સત્ર યોજાશે. આ સત્ર દરમિયાન બજેટમાં નવી બાબતોને સમાવવા અંગે મંત્રીઓ દ્વારા અધિકારીઓ સાથે બેઠકો યોજાઈ રહી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ગૃહ, ઉદ્યોગ, અને પ્રવાસન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજીને વર્તમાન તથા આગામી બજેટને લઈને ચર્ચાઓ કરી હતી. આગામી બજેટમાં કઈ નવી બાબતો સમાવી શકાય તે અંગે તેમણે ચર્ચાઓ કરી હતી.

### કોંગ્રેસના દુષ્પ્રચારનો છેદ ઉડાડતી ભરૂચ ભાજપની પત્રકાર પરિષદ

# 'VB-G RAM G' યોજના મનરેગામાં ચાલતા ભ્રષ્ટાચારનો અંત લાવી દેશે

• ભરૂચ

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલ 'વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ)' એટલે કે VB-G RAM G યોજના અંગે વિપક્ષ દ્વારા કરવામાં આવતા ભ્રામક પ્રચારોનો જડબાતોડ જવાબ આપવા માટે ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા ડિસ્ટ્રિક્ટ બેંક ખાતે એક મહત્વની પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.

ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ યોજના ગુજરાત અને દેશના ગામડાઓની તસ્વીર બદલી નાખશે. અગાઉ મનરેગામાં માત્ર ૧૦૦ દિવસનું કામ મળતું હતું, જે હવે આ નવા અધિનિયમથી ૧૨૫ દિવસની ગેરંટી સાથે મળશે.



એટલું જ નહીં, રાજ્યો પોતાના બજેટમાંથી વધારાના ૬૦ દિવસ ઉમેરી શકશે, એટલે કે ગ્રામીણ શ્રમિકોને વર્ષમાં કુલ ૧૮૫ દિવસની રોજગારી મળી શકશે.

બજેટમાં ૬૦ હજાર કરોડનો તોતિંગ વધારો

જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ આંકડાકીય વિગતો આપ તા જણાવ્યું કે, કોંગ્રેસ શા સ નમાં મનરેગાનું બજેટ માત્ર ૩ ૫ હજાર કરોડ હતું, જે મોદી સર કારે વધારીને ૯૫ હજાર કરોડ કર્યું છે. આ યોજના હેઠળ ૬૦% ફંડ કેન્દ્ર અને ૪૦% રાજ્ય સરકાર આપશે. આ અધિનિયમથી સાપ્તાહિક વેતન ચૂકવણીની વ્યવસ્થા કરાઈ છે, જેથી કામદારોને એક જ સપ્તાહમાં નાણાં મળી જશે.

વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણા અને જંબુસરના ધારાસભ્ય ડી.કે. સ્વામીએ ઉમેર્યું કે, યોજનામાં પારદર્શિતા લાવવા માટે બાયોમેટ્રિક હાજરી, GPS ટ્રેકિંગ અને રિયલ-ટાઈમ ડેટા મોનિટરિંગનો ઉપયોગ થશે. ૫૦% થી વધુ કામો ગ્રામસભા દ્વારા નક્કી કરવામાં આવશે, જેથી ગામની જરૂરિયાત મુજબ જ વિકાસ થશે.

પત્રકાર પરિષદમાં ભાજપના આગેવાનોએ સ્પષ્ટ કર્યું હતું કે , યોજનાના નામમાં 'રામજી' શબ્દને લઈને કોંગ્રેસ ખોટો વિવાદ ઉભો કરી રહી છે. આ યોજના મહાત્મા ગાંધીજીની વિચારધારાને અનુરૂપ છે અને ગ્રામીણ ભારતને આત્મનિર્ભર બનાવવાની મોદી સરકારની ગેરંટી છે. આ પરિષદમાં ઝઘડિયાના ધારાસભ્ય રિતેશ વસાવા અને મહામંત્રી ફતેસિંહ ગોહિલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ડભોઇ દયારામ હાઇસ્કૂલ ખાતે આનંદમેળો યોજાયો

# વાલીઓ, વિદ્યાર્થીઓ, વિવિધ વાનગીઓ સહિત આનંદ મેળાની મજા માણી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ દયારામ હાઈસ્કૂલ ખાતે આનંદમેળો યોજાયો હતો આનંદ મેળાનો લાભ વાલીઓ, વિદ્યાર્થીઓ, વિવિધ વાનગીઓ સહિત આનંદ મેળાની મજા માણી હતી. ડભોઈ શ્રી દયારામ કેળવણી મંડળ સંચાલિત શાળામાં આનંદમેળો યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો જેમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ જુદા જુદા 36 સ્ટોલ લગાવી સ્કૂલના પ્રાંગણમાં વેપાર માંડ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા 36 જેટલા સ્ટોલ લગાવી ગ્રાહકોને કઈ રીતના આકર્ષિત કરવા અને વેપાર ધંધા કઈ રીતના પાર પાડવા તેમજ નફા નુકસાન સહિત વેપારને સંપૂર્ણ રીતે સફળ બનાવવા પોતે લગાવેલા સ્ટોલથી વેપારનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.વિદ્યાર્થીઓમાં આંતરિક શક્તિ ખીલવવા તેમજ ખરીદ-વેચાણ, નફો- નુકસાન સહિત બજારના વેપારથી માહિતગાર



કરવાના આશય સાથે શાળાના સંચાલકો દ્વારા આનંદમેળાનું સુંદર અને સફળ આયોજન કર્યું હતું. શાળાના પ્રાંગણમાં લાગેલા સ્ટોલમાં ફુટ સલાડ, ચોકલેટ લોલી સ્ટીકસ, કપ કેક્સ, ફ્રેન્ચ ફ્રાઈઝ, દહીંવડા, આલુપૂરી, દહીંપુરી, પાપડીનો લોટ, પાઉંભાજી, ચણાજોર ગરમ, કોટન કેન્ડી, પેસ્ટ્રી, ખીચું, સેન્ડવિચ, ચટપટી, લસ્સી, રોઝેરો, ચાઈનીઝ નુડલ્સ, પાપડી ચાટ, પોટેટો રિસલ, ભેલ, બટાકા ભૂંગડા, પફ જમ્પિંગ ઢીંગલા વગેરે જેવી ચીજ વસ્તુઓના સ્ટોલ લગાવી સાથી વિદ્યાર્થી અને વાલીઓમાં આકર્ષણ જમાવી ધંધા વેપારની આંતરિક શક્તિ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો હતો આ પ્રસંગે દયારામ કેળવણી મંડળ પ્રમુખ દીપકભાઈ ગોપાલભાઈ ભોઈવાલા સુનિલભાઈ ડી રાઠવા યોગેશભાઈ પટેલ લાલજીભાઈ ચૌધરી નિરલ કે.શાહ.અનિલભાઈ ચાવડા આશાબેન કાપડિયા શીતલબેન ઠાકર સહીત મોટી સંખ્યામાં શિક્ષકો અને વાલીઓ અને બાળકો ઉપસ્થિત રહી આનંદ મેળાની મજા માણી હતી...

સલામતી

ડભોઈ પોલીસની સરાહનીય કામગીરી માર્ગ સલામતી માસ 2026 ’ અંતર્ગત

# 300 વાહનોને નિ:શુલ્ક સેફ્ટી ગાર્ડ લગાડી આપ્યા, લોકોમાં પોલીસની છબી વધુ ઉજ્જવળ બની

## કામગીરી સંપૂર્ણપણે નિ:શુલ્ક અને સેવાના ભાવથી કરવામાં આવી



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ વર્ષ 2026 ના પ્રારંભે સમગ્ર રાજ્યમાં 'માર્ગ સલામતી માસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે ડભોઈ પોલીસ દ્વારા નાગરિકોની સુરક્ષા માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. ઉતરાયણના પર્વને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પતંગની જીવલેણ દોરીથી વાહનચાલકોને બચાવવા માટે ડભોઈ પોલીસે સેવાકીય અભિયાન હાથ ધર્યું છે ડભોઈ પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જી. ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ ડભોઈના વ્યસ્ત ગણાતા શિનોર ચોકડી વિસ્તારમાં એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપેપોલીસસ્ટાફદ્વારારસ્તાપરથીપસાર થતા ટુ-વ્હીલર ચાલકોને અટકાવી તેમની સુરક્ષા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

300 જેટલા વાહનો પર સેફ્ટી ગાર્ડનું ઈન્સ્ટોલેશન ઉતરાયણ દરમિયાન આકાશમાં ઉડતી પતંગોની કાચ પાયેલી ધારદાર દોરી રસ્તા પરથી પસાર થતા ટુ-વ્હીલર ચાલકોના ગળામાં આવી જતી હોય છે, જેના કારણે ભૂતકાળમાં ગંભીર ઈજાઓ અને મૃત્યુના અનેક બનાવો બન્યા છે. આ જીવલેણ અકસ્માતોને અટકાવવા માટે ડભોઈ પોલીસ દ્વારા આશરે 300 જેટલા ટુ-વ્હીલર વાહનો પર લોખંડના સેફ્ટી ગાર્ડ (તાર) લગાડી આપવામાં આવ્યા હતા વાહનચાલકોને હેલ્મેટ પહેરવા અને દોરીથી સાવધ રહેવા માટે સમજણ આપવામાં આવી હતી.

આ કામગીરી સંપૂર્ણપણે નિ:શુલ્ક અને સેવાના ભાવથી કરવા માં આવી હતી. આ માનવતાવાદી કાર્યમાં ડભોઈ પોલીસ મથકના પી.એસ.આઈ. ગોહિલ, કોન્સ્ટેબલ ભાઈલાલભાઈ, હસમુખભાઈ, નાગજીભાઈ સહિતના સમગ્ર પોલીસ સ્ટાફે ખડેપગે રહીને સેવા આપી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ સામાજિક જાગૃતિની કામગીરીને નગરજનોએ ઉમળકાભેર વધાવી લીધી હતી. લોકમુખે પ્રશંસા અત્રે ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે પોલીસ માત્ર દંડકીય કાર્યવાહી કરતી જોવા મળતી હોય છે, પરંતુ ડભોઈ પોલીસે નાગરિકના જીવ બચાવવા માટે સામે ચાલીને સુરક્ષા કવચ પૂરું પાડતા લોકોમાં પોલીસની છબી વધુ ઉજ્જવળ બની છે. વાહનચાલકોએ પણ આ પહેલ બદલ ડભોઈ પોલીસનો આભાર માન્યો હતો.

ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં તાજેતરમાં આયોજિત સશક્ત નારી મેળા અંતર્ગત

# ગુજરાતના 31 જિલ્લામાં રૂ. 4 કરોડથી વધુ કિંમતના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરાયું



• ગાંધીનગર

વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અનેકવિધ નવા સ્વદેશી પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે.ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં તાજેતરમાં આયોજિત સશક્ત નારી મેળાએ સ્વદેશીની સાથેસાથે મહિલા સશક્તીકરણને પણ ઉજાગર કરી છે. આ જિલ્લાઓમાં આયોજિત નારી મેળા દ્વારા રૂ. ૪.૧૦ કરોડની કિંમતની સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરીને 'વન ડિસ્ટ્રીકટ, વન પ્રોડક્ટ' યોજનાને નવી દિશા આપી છે. રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ-GLPC દ્વારા ગત તા. ૧૮ થી ૨૩ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાઓમાં ૩ થી ૫ દિવસ સુધી નારી મેળાનું સફળ આયોજન કરીને 'વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવી છે. આ નારી મેળા દ્વારા વિવિધ જિલ્લાઓમાં કુલ ૨,૩૦૦થી વધુ સ્ટોલની અંદાજે પાંચ લાખથી વધુ ભાઈ-બહેનોએ મુલાકાત કરીને વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી છે. 'સશક્ત નારીથી આત્મનિર્ભરતા તરફ' રાજ્ય સરકારના અભિયાનને વ્યાપક ગતિ આપવા સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન સાથે "સશક્ત નારી"ના સંકલ્પને ઉજાગર કરતો પ્રથમ મેળો બનાસકાંઠાના પાલનપુર ખાતે તા. ૧૧ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ યોજાયો હતો, જેનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો હતો. આ મેળામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે, કૃષિ, સહકાર, કુટીર ઉદ્યોગ, વન અને પર્યાવરણ તેમજ મહિલા આર્થિક વિકાસ નિગમ સહિત જિલ્લા વહીવટ તંત્રએ સહભાગી થઈને મહત્વની ભૂમિકા ભજવી હતી. આ મેળાએ રાજ્યભરની મહિલાઓને તેમની હસ્તકળા, હેન્ડલૂમ, પરંપરાગત ખાદ્યપદાર્થો, પ્રાકૃતિક ઉત્પાદનો અને સ્વદેશી ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ માટે સશક્ત બજાર પૂરું પાડ્યું છે. સશક્ત નારી મેળા એ માત્ર વેપાર મેળો નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓની મહેનત, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનું જીવંત પ્રતિબિંબ છે. મેળામાં ભાગ લેનાર બહેનો આજે માત્ર ઉત્પાદક નહીં, પરંતુ વડાપ્રધાનના 'લોકલ ફોર વોકલ' અને 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના વિચારને જમીનીસ્તર પર મૂર્તિમંત કરી રહી છે. આ સશક્ત નારી મેળામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી સ્વ સહાય જૂથો, મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા હસ્તકળાના વિવિધ નમૂનાઓમાં ભરતકામ, હેન્ડલૂમ, ઝરીકામ, ખાદ્ય પદાર્થો અને પારંપરિક નાસ્તાઓ તથા ઓર્ગેનિક ઉત્પાદનોની વિશાળ શ્રેણીઓ સહિતના ઉત્પાદનોને મુલાકાતીઓનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. 'વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે જોવા મળી, જેના પરિણામે મેળો સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ પણ બની રહ્યો હતો. સશક્ત નારી મેળાના માધ્યમથી મહિલાઓ દ્વારા ઉત્પાદિત સ્વદેશી વસ્તુઓને એજન્ટ તેમજ સ્થળાંતર વિના સીધા ગ્રાહકો સુધી પહોંચવાની તક મળી છે જેના પરિણામે તેમને વધુ આવકની સાથે પ્રોત્સાહન પણ મળ્યું છે.વધુમાં, સશક્ત નારી મેળાના આયોજન દરમિયાન જ રાજ્ય સરકાર તરફથી ખાતરી આપવામાં આવી છે કે, આગામી સમયમાં આવા વધુને વધુ મેળાઓનું આયોજન, ઉત્પાદનોને ઑનલાઈન પ્લેટફોર્મ સાથે જોડાણ તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચ માટે જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ, રાજ્યના ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# 'નલ સે જલ'ની સિદ્ધિ! ગુજરાતમાં 57 ટકા ઘરમાં પીવાલાયક પાણી જ નથી

## દાહોદ અને બનાસકાંઠામાં તો એકેય ઘરમાં નળમાં પીવાલાયક પાણી આવતુ નથી

• ગાંધીનગર

પાટનગર ગાંધીનગર દૂષિત પાણીને કારણે ટાઈફોઈડની ચપેટમાં આવ્યું છે. નલ સે જલ યોજના થકી ઘર ઘર સુધી શુધ્ધ પાણી પહોચાડવાની ડીંગો હાંકવામાં આવી રહી છે ત્યારે કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયે જ ગુજરાતની કડવી વાસ્તવિકતાને ઉજાગર કરી છે. ફંકશનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેક્શન્સ રિપોર્ટમાં એવા તારણો રજૂ થયાં છેકે, ગુજરાતમાં માત્ર 47 ટકા ઘરોમાં નળ દ્વારા પીવાલાયક પાણી પહોંચી શકયુ છે. ખુદ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના મતે, વોટર ક્વોલિટી ઈન્ડેકસમાં ગુજરાત દેશમાં 30મા ક્રમે રહ્યું છે. આ પરથી ગુજરાતમાં પીવાલાયક શુધ્ધ પાણીની શું સ્થિતી છે તેનો અંદાજ આવી શકે તેમ છે. છેલ્લાં 30 વર્ષથી વધુ સમયથી ગુજરાત પર ભાજપનું શાસન રહ્યુ છે ત્યારે કમનસીબી એ છે કે, લોકો હજુય પીવાલાયક પાણીથી પણ વંચિત રહ્યાં છે. ચિંતાની વાત એ છે કે, અન્ય રાજ્યો કરતાં પણ ગુજરાતમાં પીવાના પાણીની ગુણવત્તા નબળી કક્ષાની રહી છે. ડિસોલ્વેડ ઓક્સિજન, બાયોકેમિકલ



ઓક્સિજન ડિમાન્ડ, પીએચ અને કોલિફોર્મ બેક્ટેરિયા જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને વોટર ક્વોલિટી ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, છતીસગઢ જેવા રાજ્યોથી પણ ગુજરાત વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં પાછળ છે. સમગ્ર દેશની વોટર ક્વોલિટી ઈન્ડેક્સ જોતાં ગુજરાતનો ઈન્ડેક્સ 63 ટકા રહ્યો છે. આ ઉપરાંત ફકશનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેકશન્સ મુજબ જિલ્લા પ્રમાણે કેટલા ઘરોમાં નળના માધ્યમથી પીવાલાયક પાણી પહોંચી રહ્યું છે તેના આંકડા ચોંકાવનારા છે. આજે પાટનગર ગાંધીનગરમાં 31.9 ટકા અને મેટ્રો સિટી અમદાવાદમાં 46.1 ટકા ઘરોમાં જ પીવાલાયક પાણી પહોંચે છે. દાહોદ અને બનાસકાંઠામાં તો એકેય ઘરમાં નળમાં પીવાલાયક પાણી આવતુ નથી. અન્ય જીલ્લાઓમાં પણ નળ દ્વારા પણ પીવાલાયક પાણી મળી રહ્યું નથી. આ પરથી અંદાજ લગાવી શકાય તેમ છે કે, ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં લોકો અશુધ્ધ-દૂષિત પાણી પી રહ્યાં છે જેના કારણે ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગોને નોતરુ મળી રહ્યું છે. 33 પૈકી 19 જિલ્લામાં 50 ટકાથી પણ ઓછા ઘર સુધી નળ દ્વારા પીવાલાયક પાણી મળે છે.

# અમદાવાદના ગુલબાઈ ટેકરા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં આધેડનું મોત

## અકસ્માત કરીને ચાલક ફરાર થતાં પોલીસે તપાસ શરૂ કરી

• અમદાવાદ

અમદાવાદના ગુલબાઈ ટેકરા ત્રણ રસ્તા પાસે ગઈકાલે સવારે એક હિટ એન્ડ રનની ઘટના બની હતી. પૂરઝડપે આવતા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે અન્ય ટુ-વ્હીલરને ટક્કર મારતા 54 વર્ષીય રાજનકુમાર શાહનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકીને અજાણ્યો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો, જેની સામે હવે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા 54 વર્ષીય રાજનકુમાર અશ્વિનભાઈ શાહ મંગળવાર, 06 જાન્યુઆરી, 2026ના રોજ સવારે આશરે 10:00 વાગ્યે પોતાનું ટુ વ્હીલર લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. તેઓ જ્યારે ગુલબાઈ ટેકરા ત્રણ રસ્તા પાસે આવેલા ગોયલ ટાવર સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કાળ બનીને આવેલા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે પોતાનું વાહન બેદરકારી અને પૂરઝડપે હંકારી રાજનકુમારની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે રાજનકુમાર રોડ પર પટકાયા હતા અને તેમને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, પરંતુ અકસ્માત સર્જનાર ચાલક મદદ કરવાને બદલે ત્યાંથી નાસી છૂટ્યો હતો.

આ ઘટનાસ્થળે હાજર હર્ષભાઈ રાવલ અને ભાર્ગવભાઈ પંચાલ જેવા પ્રત્યક્ષદર્શીઓએ તુરંત 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. લોહીલુહાણ હાલતમાં રાજનકુમારને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબોએ સવારે 10:45 વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના મોટા ભાઈ પરેશભાઈ શાહે આ અંગે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

# વડાપ્રધાનના રાજ્ય પ્રવાસને પગલે પોલીસતંત્ર એલર્ટ, 12 જાન્યુઆરી સુધી તમામ રજાઓ કેન્સલ

• ગાંધીનગર

આગામી 10થી 15 જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના વિવિધ શહેરો અને જિલ્લાઓની મુલાકાતે આવશે. જેને પગલે સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ચૂક ન રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા આદેશ જારી કરાયો છે. જેમાં DGPના હુકમ અનુસાર, આગામી 7 જાન્યુઆરી 2026થી 12 જાન્યુઆરી 2026 સુધી રાજયના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તમામ પ્રકારની રજાઓ કેન્સલ કરવામાં આવી છે. મહત્ત્વનું છે કે, DGP દ્વારા આપવામાં આવેલા જાહેરનામા મુજબ, અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પોલીસકર્મીને રજા આપવામાં આવશે નહીં. વધુમાં, જે અધિકારીઓ કે કર્મચારીઓ હાલમાં રજા પર છે, તેઓને પણ વડાપ્રધાનના બંદોબસ્તને ધ્યાને લેતા તાત્કાલિક રજા પરથી પરત ફરી પોતાની ફરજ પર હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સોમનાથ, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં વડાપ્રધાનના વિવિધ કાર્યક્રમો યોજાનાર હોવાથી સમગ્ર રાજ્યનું પોલીસતંત્ર આ સમયગાળા દરમિયાન ખડેપગે રહેશે. DGP દ્વારા આપવામાં આવેલા જાહેરનામા મુજબ, અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પોલીસકર્મીને રજા આપવામાં આવશે નહીં

આ ડ્રગ્સ નેટવર્કના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી

# જૂહાપુરામાંથી 50 લાખના MD ડ્રગ્સ સાથે એક શખસ ઝડપાયો

• અમદાવાદ

અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી ઝોન-7 LCB અને સ્થાનિક પોલીસે સાથે ઓપરેશન હાથ ધરીને 504 ગ્રામ MD ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત અંદાજે 50 લાખ જેટલી થાય છે. પોલીસે આ મામલે તોસિફ અહેમદ કાદરી નામના પેડલરની ક્રેટા કાર સાથે ધરપકડ કરી છે.ઝોન-7 LCBની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે જુહાપુરા વિસ્તારમાં એક શખ્સ પોતાની કારમાં ડ્રગ્સનો જથ્થો લઈને ફરી રહ્યો છે. આ બાતમીને આધારે પોલીસે જુહાપુરાના રોયલ અકબર ટાવર પાસે છટકું ગોઠવ્યું હતું. શંકાસ્પદ ક્રેટા ગાડીને આંતરીને જ્યારે તપાસ કરવામાં આવી, ત્યારે ડ્રાઈવર સીટની નીચે સંતાડેલી એક થેલીમાંથી કેફી દ્રવ્યો મળી આવ્યા હતા. FSLની પ્રાથમિક તપાસમાં આ જથ્થો શુદ્ધ MD ડ્રગ્સ હોવાનું પ્રમાણિત થયું હતું. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે પકડાયેલ આરોપી તોસિફ કાદરી જુહાપુરાનો જ રહેવાસી છે અને અગાઉ પણ NDPSના ગુનાઓમાં પોલીસ હાથે ઝડપાઈ ચૂક્યો છે. આરોપીએ કબૂલાત કરી છે કે તેણે આ ડ્રગ્સનો જથ્થો અમદાવાદના જ એક વ્યક્તિ પાસેથી ખરીદ્યો હતો અને તે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં છૂટક વેચાણ કરવાનો હતો. હાલ પોલીસે ડ્રગ્સ, મોબાઈલ અને કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી, આ ડ્રગ્સ નેટવર્કના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI



# શ્વેતા તિવારી VS શ્વેતા ત્રિપાઠી સૌથી વધુ ગ્લેમરસ કોણ?

શ્વેતા તિવારી અને શ્વેતા ત્રિપાઠી બંને એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય અભિનેત્રી છે. આ ઉંમરે પણ, તેમની કિલર સ્ટાઈલ અદભુત છે. બંને સુંદરીઓના ગ્લેમરસ ફોટા અહીં જુઓ. શ્વેતા ત્રિપાઠી 40 વર્ષની છે. તેની કારકિર્દીમાં, તેણે 'મસાન' અને 'મિર્ઝાપુર' જેવા મોટા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું છે, જેણે તેની કારકિર્દીમાં યોગદાન આપ્યું હતું. તેને તેના પાત્ર ગજગામિની ગુપ્તા ઉર્ફે ગોલુ ગુપ્તાથી ઓળખ મળી હતી.આ અભિનેત્રી સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. ઈન્સ્ટાગ્રામ પર તેના 1.4 મિલિયન ફોલોઅર્સ છે. અભિનેત્રીના ચાહકો હંમેશાં તેની એક ઝલક મેળવવા માટે ઉત્સુક રહે છે. તે ઘણીવાર સોશિયલ મીડિયા પર તેના ફોટા અને વીડિયો શેર કરતી રહે છે.અભિનેત્રી શ્વેતા ત્રિપાઠીના કરિયરની વાત કરીએ તો તેણે 2009માં 'મસ્ત લાઈફ' સીરિયલથી ડેબ્યૂ કર્યું હતું. તેણે 'મસાન' દ્વારા રૂપેરી પડદે ડેબ્યૂ કર્યું હતું. આ ઉપરાંત, તે 'યે કાલી કાલી આંખેં', 'કાલકુટ' અને 'એસ્કેપ લાઈફ' જેવા શોમાં પણ જોવા મળી હતી.શ્વેતા તિવારીની વાત કરીએ તો તે 44 વર્ષની છે. આજે પણ તે પોતાની ફિટનેસથી ઘણી યુવા અભિનેત્રીઓને પાછળ છોડી દે છે. આજે દરેક તેની સુંદરતા અને ગ્લેમરસ સ્ટાઈલના ચાહક છે. સોશિયલ મીડિયા પર તેના 5.7 મિલિયન ફોલોઅર્સ છે. અભિનેત્રીએ 'કસૌટી જિંદગી કી'થી પોતાની ખાસ ઓળખ બનાવી છે અને આજે તે ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓની યાદીમાં સામેલ છે.શ્વેતા તિવારી પોતાની પહેલી સીરિયલ પછી ઘર-ઘરમાં જાણીતી થઈ ગઈ હતી. ટીવી ઉપરાંત, તે ઘણી ફિલ્મો અને વેબ સિરીઝમાં પણ જોવા મળી છે. તે 2004માં આવેલી ફિલ્મ "મધોશ"માં બિપાશા બાસુની મિત્રની ભૂમિકામાં જોવા મળી હતી. 44 વર્ષની ઉંમરે પણ શ્વેતા તિવારીની ફિટનેસ અને સુંદરતા અજોડ છે. અભિનેત્રીએ બે વાર લગ્ન કર્યા પરંતુ બંને સંબંધો ટક્યા નહીં. આજે, અભિનેત્રી તેના બે બાળકો સાથે મુક્તપણે પોતાનું જીવન જીવે છે.



# સાઉથ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરનનું સાયબર બુલિંગ!

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરન છેલ્લા કેટલાક સમયથી સાયબર બુલિંગનો સામનો કરી રહી હતી. સોશિયલ મીડિયાની દુનિયામાં લોકપ્રિયતા સાથે સાથે હેટ અને નેગેટિવિટી પણ ઝડપથી ફેલાય છે અને અનુપમાના કેસમાં એ વાત સ્પષ્ટ રીતે દેખાઈ આવી છે. અનુપમાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ લખી પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. તેણીએ જણાવ્યું હતું કે થોડા સમયથી એક ફેક ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ સતત તેના અને તેના પરિવાર વિશે ખોટી વાતો ફેલાવી રહી હતી. શરૂઆતમાં અનુપમાએ આ બાબત અવગણવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ જ્યારે એ ફેક એકાઉન્ટની પોસ્ટમાં તેના મિત્રો અને કો-એક્ટર્સને ટેગ કરીને અફવાઓ ફેલાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ, ત્યારે પરિસ્થિતિ ગંભીર બની ગઈ. અનુપમાએ પોતાની પોસ્ટમાં લખ્યું કે આજના સમયમાં સોશિયલ મીડિયા ખૂબ શક્તિશાળી માધ્યમ છે. લોકો તેનો ઉપયોગ સકારાત્મક રીતે કરી શકે છે, પરંતુ ઘણા લોકો તેનો દુરુપયોગ કરે છે. તેણીએ જણાવ્યું કે આ ફેક પ્રોફાઈલ દ્વારા તેના પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા અને આ સમગ્ર ઘટનાએ તેને ખૂબ દુઃખ પહોંચાડ્યું. અનુપમાએ કહ્યું કે ઓનલાઈન કોઈને હેરાન કરવું માત્ર ખોટું જ નહીં, પણ અત્યંત દુઃખદ અનુભવ છે, કારણ કે તે વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર અસર કરે છે.જ્યારે અનુપમાએ પોલીસ અને સાયબર સેલની મદદથી આ ફેક પ્રોફાઈલ પાછળ કોણ છે તે જાણવાનો પ્રયત્ન કર્યો, ત્યારે જે સત્ય સામે આવ્યું તે ચોંકાવનારું હતું. તપાસમાં ખબર પડી કે આ કૃત્ય કરનાર કોઈ વ્યાવસાયિક ગુનેગાર નહીં, પરંતુ તમિલનાડુમાં રહેતી માત્ર 20 વર્ષની એક યુવતી હતી. અનુપમા પોતે પણ આ જાણીને આશ્ચર્યમાં પડી ગઈ હતી. તેણીએ જણાવ્યું કે તે યુવતીની ઉંમર ખૂબ નાની હોવાથી અને તેની ભૂલને ધ્યાનમાં રાખીને તેણીએ તેની ઓળખ જાહેર ન કરવાનો નિર્ણય લીધો છે. અનુપમાએ કહ્યું કે તે યુવતીના ભવિષ્ય અથવા માનસિક સ્વાસ્થ્ય સાથે કોઈ સમાધાન કરવા માંગતી નથી અને તેને વિશ્વાસ છે કે યુવતીને પોતાની ભૂલનો અહેસાસ થઈ ગયો છે. અનુપમાની આ માનવતાપૂર્ણ વૃત્તિની સોશિયલ મીડિયામાં પ્રશંસા થઈ રહી છે.અનુપમાના આ કેસથી સ્પષ્ટ થાય છે કે આજના સમયમાં સાયબર બુલિંગ કેટલી ગંભીર સમસ્યા બની ગઈ છે. સોશિયલ મીડિયા પર ફેક આઈડી બનાવીને લોકો કોઈના પાત્ર પર પ્રશ્ન ઉઠાવે છે, ખોટી વાતો ફેલાવે છે અને અપમાનજનક ટિપ્પણીઓ કરે છે.

# 'જો તમે મને બદનામ કરશો તો...':પ્રિયંકા ચોપરાની રહસ્યમય પોસ્ટથી ચાહકો ચોંકી ગયા

## વિચારવા લાગ્યા-કદાચ કોઈએ એક્ટ્રેસ સાથે દગો કર્યો

• મુંબઈ

પ્રિયંકા ચોપરા સોશિયલ મીડિયા પર કંઈક રહસ્યમય કે વિચિત્ર પોસ્ટ કરે તેવું ખૂબ જ દુર્લભ છે. તે ઘણીવાર તેના સુંદર ફોટા અથવા તેના પતિ નિક જોનાસ અને પુત્રીના ફોટા શેર કરે છે... પરંતુ છેલ્લા બે દિવસથી તે વિચિત્ર પોસ્ટ શેર કરી રહી છે. તાજેતરમાં પ્રિયંકાએ બીજી એક પોસ્ટ શેર કરી છે, જેની ચર્ચા થઈ રહી છે. આમાં, પ્રિયંકાએ સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે જો કોઈ તેનું અપમાન કરે તો તેનું પરિણામ શું આવશે.43 વર્ષીય પ્રિયંકા ચોપરાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર જે પોસ્ટ બનાવી છે, તેમાં તેણે આત્મસન્માન અને સીમાઓ નક્કી કરવા વિશે પણ લખ્યું છે. આ પોસ્ટ વાંચ્યા પછી, યૂઝર્સ પણ જાણવા માટે ઉત્સુક છે કે પ્રિયંકાએ અચાનક આવી પોસ્ટ કેમ લખી?

પ્રિયંકાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વાક્ય શેર કર્યું છે. તેમાં લખ્યું છે કે, 'હું સૌથી સારી અને સૌથી બુદ્ધિશાળી વ્યક્તિ છું, પરંતુ જો તમે મારો અનાદર કરો છો, તો તમે સમજી શકશો કે મારા જીવનમાં ફક્ત ત્રણ મિત્રો જ કેમ છે. શું બીજું કોઈ આ મેસેજ સાથે પોતાને રિલેટ કરે છે? તે ખૂબ જ વ્યક્તિગત અને પ્રાસંગિક પણ લાગે છે.'

પ્રોફેશનલ ફ્રન્ટ વિશે વાત કરીએ તો, પ્રિયંકા તાજેતરમાં હોલિવૂડ ફિલ્મ 'હેડ્સ ઓફ સ્ટેટ'માં જોવા મળી હતી, જે ઓટીટી પ્લેટફોર્મ પ્રાઈમ વીડીયો પર રિલીઝ થઈ હતી. હવે તે એસએસ રાજામૌલીની ફિલ્મ SSMB 29 માં જોવા મળશે, જેના શૂટિંગ માટે તે હાલમાં હૈદરાબાદમાં છે. તેમાં પૃથ્વીરાજ સુકુમારન અને મહેશ બાબુ પણ જોવા મળશે.

કોન્ટ્રાક્ટરને બચાવવા AMC અધિકારીઓએ ઘટનાને ગંભીરતાથી ન લીધી હોવાની ચર્ચા

# ડ્રેનેજ લાઈનની કામગીરી સમયે શ્રમિક પર માટી પડતા મૃત્યુ



• અમદાવાદ

અમદાવાદ શહેરના ન્યૂ મણીનગર વિસ્તારમાં કર્ણાવતી રિવેરા ફ્લેટ નજીક મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રેનેજ લાઈન ખોદવાની કામગીરી દરમિયાન માટી ધસી પડતા એક મજૂર અંદર પડ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક તેને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ મોકલ્યો હતો. તે પહેલાં જ મજૂરનું મૃત્યુ નીપજ્યું હતું.અમદાવાદમાં ન્યૂ મણીનગરમાં રાત્રિના સમયે ખોદવાની કામગીરી ચાલુ હતી ત્યારે કોર્પોરેશનના કોઈ જવાબદાર અધિકારી કે કોન્ટ્રાકટરના વ્યક્તિ હાજર નહોતા. કોઈપણ પ્રકારના બેરિકેડ અને સલામતીના સાધનો વિના કામગીરી થઈ રહી હોવાનું સામે આવ્યું હતું. જે દરમિયાન એક શ્રમિક માટી ધસી પડતા અંદર પડ્યો હતો. જેમાં તેનું મોત નીપજ્યું હતું. AMCના પૂર્વ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓને મજૂરનું કયા કારણસર મૃત્યુ થયું, કેવી રીતે આ દુર્ઘટના બની આ બાબતે કોઈપણ પ્રકારની જાણકારી નથી. તેમણે સવારે ઘટનાસ્થળ ઉપર જઈ અને કેવી રીતે આ દુર્ઘટના બની તે અંગેની માહિતી પણ મેળવવાનો પ્રયાસ કર્યો નથી. એક મજૂરનું મૃત્યુ થયું હોવા છતાં પણ અધિકારીઓને આ બાબતે ગંભીરતા નથી. જેથી સ્પષ્ટ છે કે કોન્ટ્રાકટરની બેદરકારી હોવાથી તેને બચાવવા માટે અધિકારીઓએ ઘટનાને ગંભીરતાથી લીધી નથી.મળતી માહિતી મુજબ, શહેરના ન્યૂ મણીનગર પાસે કર્ણાવતી રિવેરા ફ્લેટ નજીક જેસીબી મશીનથી મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી રાત્રે 10 વાગ્યાની આજુબાજુ કરવામાં આવી રહી હતી. તે દરમિયાન એક મજૂર ડ્રેનેજ લાઈનની કામગીરી માટે અંદર ઉતર્યો હતો. તે દરમિયાન અચાનક જ માટી ધસી પડી હતી અને મજૂર તેની નીચે દટાતા માથામાં ઈજાઓ થઈ હતી. સ્થળ પર હાજર અન્ય મજૂર અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને મજૂરને બહાર કાઢ્યો હતો. સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું. આ મામલે પોલીસને પણ જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી.

# MBBSની 3 જગ્યા ભરવા માટે પ્રવેશ રાઉન્ડ કરવા હાઈકોર્ટનો આદેશ:'ડોકટરોની અછત જગ્યાઓ ખાલી રહેવી જોઈએ નહીં'

• અમદાવાદ

ગુજરાત મેડિકલ કોલેજ એસોસિએશન દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેમાં મેડિકલ કાઉન્સિલિંગ કમિટી અને એડમિશન કમિટી અંડર ગ્રેજ્યુએટ મેડિકલને નિર્દેશો આપતી માંગ કરવામાં આવી હતી. તેઓએ માંગ કરી હતી કે MBBSના પ્રથમ વર્ષમાં ત્રણ જગ્યાઓ ખાલી પડી છે. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવે. અગાઉ વર્ષ 2025માં અરજી કરવામાં આવી હતી. જેમાં MBBS કોર્સમાં 57 જગ્યાઓ ખાલી હતી. અગાઉના રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ 3 લાખ રૂપિયાની ડિપોઝિટ ભરી હોવા છતાં એડમિશન કેન્સલ કરાવ્યા હતા. જેથી ઓથોરિટી ડિપોઝિટની રકમ સાથે અન્ય કોઈ યોગ્ય શરત રાખીને 10 દિવસની અંદર 03 સીટો ભરવા માટે મેડિકલ પ્રવેશનો વધુ એક રાઉન્ડ યોજે. જેમાં કોર્ટના નિર્દેશથી પ્રવેશ પ્રક્રિયાનો ચોથો અને પાંચમો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. આ બેઠકો ભરાઈ ચૂકી હતી. પરંતુ 3 વિદ્યાર્થીઓએ એડમિશન પરત ખેંચ્યું હતું. જો આ ત્રણ બેઠકો ભરવામાં આવે તો 3 ઉજળા લોકોનું ભવિષ્ય સુધરી શકે તેમ છે.કોર્ટે નોધ્યું હતું કે દેશમાં ડોક્ટરોની અછત છે, ત્યારે ત્રણ મેડિકલ સીટોને ખાલી રાખી શકાય નહીં. અગાઉના રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ 3 લાખ રૂપિયાની ડિપોઝિટ ભરી હોવા છતાં એડમિશન કેન્સલ કરાવ્યા હતા. જેથી ઓથોરિટી ડિપોઝિટની રકમ સાથે અન્ય કોઈ યોગ્ય શરત રાખીને 10 દિવસની અંદર 03 સીટો ભરવા માટે મેડિકલ પ્રવેશનો વધુ એક રાઉન્ડ યોજે.

ઉત્તરાયણને લઈ અમદાવાદના 5 લાખ વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી

# મકરસંક્રાતિના પર્વ પર 9 પહેલા અને સાંજે 5 વાગ્યા પછી પતંગ નહીં ચગાવવા અને ચાઈનીઝ દોરીનો ઉપયોગ નહીં કરવા સંકલ્પ

• અમદાવાદ

ચાઈનીઝ દોરીના કારણે ઉત્તરાયણ દરમિયાન મનુષ્ય અને પક્ષીઓના જીવ જતા હોય છે. જેથી સરકારે પણ ચાઈનીઝ દોરીના વેચાણ પર અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. તેને ધ્યાનમાં રાખીને ઉત્તરાયણ નજીક આવતા જ અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરની 1800 જેટલી શાળાઓ 5 લાખ જેટલા વિદ્યાર્થીઓએ પતંગની મજા સાથે જીવ બચાવવાનો સંકલ્પ લીધો છે.

ઉત્તરાયણ દરમિયાન સવારે નવ વાગ્યા પહેલા અને સાંજે 5:00 વાગ્યા પછી પતંગ નહીં ચગાવવાનો વિદ્યાર્થીઓએ સંકલ્પ લીધો છે. તેમજ ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા અને જો કોઈ કરતો હોય તો તેને રોકવા પણ વિદ્યાર્થીઓએ શપથ લીધા છે. તેમજ જો કોઈ પક્ષી ઉત્તરાયણ દરમિયાન ઈજાગ્રસ્ત થાય છે તો તેને તાત્કાલિક સારવાર મળી રહે તે માટેની કામગીરી કરવા પણ શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી છે. માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ શાળાઓમાં શિક્ષકો અને સ્ટાફના કર્મચારીઓએ પણ શપથ લીધા હતા.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને વન વિભાગ દ્વારા દર વર્ષે ઉત્તરાયણ પૂર્વે વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવે છે.ચાઈનીઝ માંઝા, તુક્કલ અને કાચની દોરીનો ઉપયોગ ન થાય તે માટે અમદાવાદ શહેરની 1800 શાળાઓમાં



વિદ્યાર્થીઓ પાસે શપથ લેવડાવવામાં આવ્યા છે. અત્યારે સેવન્થ ડે સ્કૂલમાં ધારાસભ્યની હાજરીમાં શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા છે. સવારે 9 વાગ્યા પહેલા અને સાંજે 5 વાગ્યા પછી પતંગ ન ચગાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમજ ચાઈનીઝ દોરી નહીં વાપરવા અને અબોલ પશુઓ અને પક્ષીઓ ઈજાગ્રસ્ત ન થાય તે માટે ધ્યાન રાખવા પણ સમજાવવામાં આવ્યું છે. તેમજ વિદ્યાર્થીઓ અબોલ પશુઓ અને પક્ષીઓની સેવા કરે તેવો ભાવ ઊભો થાય તે માટે કરુણા અભિયાન અંતર્ગત કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.'હું પ્રતિજ્ઞા લવ છું કે...'' આગામી મકરસંક્રાંતિના પર્વે હું સવારના વહેલા અને સાંજના મોડા સમયે ( જ્યારે પક્ષીઓ આકાશમાં વધુ હોય છે ત્યારે ) પતંગ નહિ ચગાવુ, જેથી નિર્દોષ પક્ષીઓ ઘાયલ ન થાય. હું ક્યારેય ઘાતક ચાઈનીઝ દોરી કે કાચવાળા માંજાનો ઉપયોગ નહીં કરું, જે પક્ષીઓ અને મનુષ્ય માટે જોખમી છે. હું ધાબા પર પતંગ ચગાવતી વખતે હંમેશા સાવચેત રહીશ અને ક્યારેય રસ્તા પર પતંગ પકડવા પાછળ દોડીશ નહીં. ઉત્સવ પૂરો થયા પછી હું ધાબા પર કે રસ્તા પર પડેલા દોરીના ગુચડાઓ અને કચરો સાફ કરીશ, જેથી કોઈ પશુ પક્ષી તથા પ્રાણી તેમાં ફસાઈ ન જાય. જો મને કોઈ કાયલ પક્ષી દેખાશે તો હું તરત જ વડીલોને જણાવીશ અથવા ભક્તિ હેલ્પલાઈનનો સંપર્ક કરીશ. ' મારો આનંદ, કોઈ તો જીવ ન લે - એ જ મારી સાચી ઉત્તરાયણ !' આ પ્રકારની પ્રતિજ્ઞા અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ લેવાના છે.

# રાજ્યમાં 15થી 20 કિમી પ્રતિ કલાકે ઝડપે પવન ફૂંકાશે



• અમદાવાદ

રાજ્યમાં કડકડતી ઠંડીનો માહોલ વધુ તીવ્ર બનવાની તૈયારીમાં છે. રાજ્યવાસીઓએ હવે કડકડતી ઠંડી સહન કરવા માટે પૂરેપૂરા તૈયાર રહેવું પડશે, કારણ કે આજથી ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે. રાજ્યના હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી 12 જાન્યુઆરી સુધી લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ જોવા નહીં મળે. ત્યાર બાદ ધીમે ધીમે લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.

આ દરમિયાન પવનની ગતિમાં વધારો થશે, જેના કારણે ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બનશે. ઉત્તર-પૂર્વથી આવતા પવનો ફૂંકાવા લાગશે, જેનાથી ઠંડીનો ચમકારો વધુ વધશે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં તાપમાન નીચું રહેવાની આગાહી છે. નલિયા જેવા વિસ્તારોમાં તાપમાન 10 ડિગ્રી આસપાસ કે તેનાથી પણ નીચે જઈ શકે છે. રાજ્યમાં 15 થી 20 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ઉત્તર પૂર્વથી પૂર્વ તરફના પવન ફૂંકાશે.

### ટ્રમ્પની મહત્વકાંક્ષા દિવસે દિવસે વધી રહી છે હવે કોલમ્બિંયા પણ અમેરિકાની નજરમાં : કોલમ્બિયાના પીએમએ કહ્યું અમે તૈયાર

# વેનેઝુએલામાં માત્ર ક્રૂડ તેલનો ભંડાર જ નથી પણ સોનાનો વિશાળ ખજાનો પણ છે

### ડોનાલ્ડ ટ્રમ્પ હવે વેનેઝુએલાના તેલ ભંડાર પર નિયંત્રણ મેળવવા અને મોટા પાયે તેલ ઉત્પાદન ફરી શરૂ કરવાની યોજના ઝડપથી અમલમાં મૂકી રહ્યા છે

• વોશિંગ્ટન

વેનેઝુએલામાં માત્ર ક્રૂડ તેલનો ભંડાર જ નથી પણ સોનાનો વિશાળ ખજાનો પણ છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિને પકડયા પછી, ડોનાલ્ડ ટ્રમ્પની ખરાબ નજર માત્ર વેનેઝુએલાના ક્રૂડ તેલ ભંડાર પર જ નહીં, પરંતુ સોના અને અન્ય દુર્લભ પૃથ્વી ધાતુઓ પર પણ છે. એ નોંધવું જોઈએ કે વેનેઝુએલાની માટી અને પર્વતો ક્રૂડ ઓઈલ, સોનું અને અસંખ્ય કિંમતી અને દુર્લભ ખનિજો અને દુર્લભ પૃથ્વી ધાતુઓથી સમૃદ્ધ છે. વેનેઝુએલા સામેના મોટા લશ્કરી ઓપરેશન બાદ, ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વ સમક્ષ જાહેરાત કરી હતી કે તેઓ હવે વેનેઝુએલાના તેલ પર નિયંત્રણ રાખશે. જોકે, તેમણે સોના, અન્ય ખનિજો અને દુર્લભ પૃથ્વી ધાતુઓ અંગે કોઈ સ્પષ્ટ નિવેદન આપ્યું ન હતું. જોકે, એવું માનવામાં આવે છે કે તેમની નજર વેનેઝુએલાના સમગ્ર ખજાના પર છે.

નોંધવું જોઈએ કે રવિવાર, ૪ જાન્યુઆરીના રોજ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશ પર વેનેઝુએલામાં એક વિશાળ લશ્કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઓપરેશનમાં, યુએસ સૈનિકોએ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની, સિલિયા ફ્લોરેસની ધરપકડ કરી અને તેમને યુનાઈટેડ સ્ટેટ્સ લાવ્યા. વેનેઝુએલા સામેના આ મોટા ઓપરેશન બાદ, ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ ક્ષેત્ર પર નિયંત્રણ મેળવવા અંગે એક બોલ્ડ નિવેદન આપ્યું હતું.

વેનેઝુએલામાં વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે, જે સાઉદી અરેબિયા કરતા પણ વધુ છે. જોકે, વર્ષોના નબળા સંચાલન, ઓછા રોકાણ અને પ્રતિબંધોને કારણે વેનેઝુએલાના તેલ ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ડોનાલ્ડ ટ્રમ્પ હવે વેનેઝુએલાના તેલ ભંડાર પર નિયંત્રણ મેળવવા અને મોટા પાયે તેલ ઉત્પાદન ફરી શરૂ કરવાની યોજના ઝડપથી અમલમાં મૂકી રહ્યા છે. આ કરવા માટે, ટ્રમ્પ અમેરિકન તેલ કંપનીઓને વેનેઝુએલા મોકલશે અને અટકેલા મોટા પાયે તેલ ઉત્પાદન ફરી શરૂ કરશે. ટ્રમ્પ વેનેઝુએલામાં રોકાણ કરવા અને નોંધપાત્ર નફો મેળવવા માટે પોતાના પ્રભાવનો ઉપયોગ કરવા માંગે છે.




આ ઉપરાંત, દક્ષિણ વેનેઝુએલાના પર્વતીય પ્રદેશો સોનાના ખાણકામ માટે પ્રખ્યાત છે. ગયાના નજીકના વિસ્તારોમાં ઓછા સલ્ફાઈડવાળા સોનાના ક્વાર્ટઝ નસો જોવા મળે છે. સોનાના ક્વાર્ટઝ નસો એ ખડકો છે જેમાં સોનું અને અન્ય ઘણા દુર્લભ ખનિજો હોય છે. તેમાં મળતું સોનું ૭૦ થી ૯૫ ટકા શુદ્ધ છે. વધુમાં, આ પ્રદેશમાં સેંકડો સોનાની ખાણો પણ છે, જેમાં હજારો ટન સોનું છે. સોનાના વર્તમાન ભાવને આધારે, વેનેઝુએલામાં ટ્રિલિયન ડોલરનું સોનું છે. યુએસએ લશ્કરી કાર્યવાહી શરૂ કરી અને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીની ધરપકડ કરી, સમગ્ર વિશ્વમાં તેના વર્ચસ્વનો સંકેત આપ્યો. માદુરોની ધરપકડ પછીના સંબોધનમાં, અમેરિકાએ સ્પષ્ટપણે કહ્યું કે અમેરિકા હવે વેનેઝુએલા પર નિયંત્રણ રાખશે. આનો અર્થ એ થયો કે વેનેઝુએલાના વિપુલ તેલ સંસાધનો પર અમેરિકાનો અંકુશ રહેશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકન કંપનીઓ વેનેઝુએલાના જર્જરિત તેલ માળખાને અપગ્રેડ કરવા માટે અબજો ડોલરનું રોકાણ કરવા તૈયાર છે, જેનાથી દેશ માટે આવક ઊભી થશે. આ લેખમાં, આપણે વેનેઝુએલાના તેલ સંસાધનો પર દાયકાઓ જૂના સંઘર્ષનું અન્વેષણ કરીશું. વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે. આ રકમ આશરે ૩૦૩ અબજ બેરલ છે, જે વિશ્વના તેલ ભંડારના લગભગ ૨૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે અને સાઉદી અરેબિયા કરતા વધારે છે. જો અમેરિકા વેનેઝુએલાના તેલ સંસાધનો પર કબજો કરે છે, તો તે વૈશ્વિક રાજકારણમાં એક વળાંક આવશે. ફક્ત પોતાના સ્વાર્થી હિતો માટે સાર્વભૌમ દેશ પર આ પ્રકારનું નિયંત્રણ વિશ્વના શ્રેષ્ઠ હિતમાં નહીં હોય. અમેરિકાએ લાંબા ગાળે પ્રતિકૂળ પરિણામો માટે પણ તૈયાર રહેવું પડશે. જોકે, વેનેઝુએલાની વિશાળ તેલ સંપત્તિ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ હ્યુગો ચાવેઝ અને માદુરોના શાસનકાળ દરમિયાન યુએસ-વેનેઝુએલા સંબંધોના ઈતિહાસને ધ્યાનમાં રાખીને, યુએસ દ્વારા આ પગલું અણધાર્યું ન હતું. ખરેખર, ૨૦મી સદીની શરૂઆતમાં વેનેઝુએલા તેના તેલ ભંડારને કારણે દક્ષિણ અમેરિકાનો સૌથી ધનિક દેશ માનવામાં આવતો હતો. દક્ષિણ અમેરિકાના ઉત્તરી કિનારે સ્થિત, આ દેશની વસ્તી આશરે ૩૦ મિલિયન છે. યુનાઈટેડ સ્ટેટ્સ સહિત વિદેશી કંપનીઓએ વેનેઝુએલાના તેલ ઉદ્યોગમાં ભારે રોકાણ કર્યું અને તેના રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. યુએસના વિરોધ છતાં, વેનેઝુએલાના નેતાઓએ તેમના મુખ્ય નિકાસ સંસાધન પર નિયંત્રણ વધારવાનું શરૂ કર્યું.

### ભારતમાં પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં ઘાતક મિસાઈલ પ્રદર્શિત કરવામાં આવશે

• નવીદિલ્હી

ભારતમાં પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દરેક વ્યક્તિ ૨૬ જાન્યુઆરીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પ્રજાસત્તાક દિવસ નિમિત્તે એક પરેડ પણ યોજાશે, જ્યાં ભારત તેની લશ્કરી શક્તિનું પ્રદર્શન કરશે. આ પરેડમાં ભારતીય સશસ્ત્ર દળોના અત્યાધુનિક શસ્ત્રોનું પણ પ્રદર્શન કરવામાં આવશે. હવે માહિતી સામે આવી છે કે સ્વદેશી લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ પણ ભારતના કાફલામાં હાજર રહેશે. આ મિસાઈલની હાજરી ભારતની સ્વદેશી દરિયાઈ પ્રહાર ક્ષમતાનો નોંધપાત્ર સંકેત છે. લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ ભારતના સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા વિકસાવવામાં આવી હતી. આ મિસાઈલ એક અત્યાધુનિક સિસ્ટમ છે જે ખાસ કરીને લાંબા અંતરથી ચોક્કસ ચોકસાઈ સાથે દુશ્મન યુદ્ધ જહાજોને નષ્ટ કરવા



માટે રચાયેલ છે. લોંગ રેન્જ એન્ટી-શીપ ડીઆરડીઓની લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ ૧,૦૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવે છે. આ મિસાઈલ ભારતીય નૌકાદળને અસરકારક લાંબા અંતરની સ્ટેન્ડ-ઓફ એન્ટી-શીપ સ્ટ્રાઈક ક્ષમતા પ્રદાન કરે છે. ડીઆરડીઓ ચીફ ડૉ. સમીર વી. કામતે લોંગ રેન્જ એન્ટી-શીપને ભારતની દરિયાઈ યુદ્ધ ક્ષમતાઓ માટે 'ગેમ-ચેન્જર' ગણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ સિસ્ટમ ભારતીય સશસ્ત્ર દળોની લાંબા અંતરની ચોકસાઈ હડતાલ અને ડિટરન્સ ક્ષમતાઓને નવી ગતિ આપે છે, સાથે સાથે આત્મનિર્ભર ભારતના ધ્યેયને પણ મજબૂત બનાવે છે. લોંગ રેન્જ એન્ટી-શીપ ભારતીય નૌકાદળની સમુદ્ર નિયંત્રણ અને સમુદ્ર અસ્વીકાર વ્યૂહરચનાને મજબૂત બનાવે છે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની દરિયાઈ શક્તિ, અવરોધ અને વ્યૂહાત્મક લાભને સ્પષ્ટપણે દર્શાવે છે.

લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલની મુખ્ય લાક્ષણિકતાઓ

ભૂમિકા: લાંબા અંતરની એન્ટિ-શિપ સ્ટ્રાઈક

ક્ષમતા: ઉચ્ચ ચોકસાઈ સાથે સમુદ્રમાં મોટા યુદ્ધ જહાજોને જોડવામાં સક્ષમ.

પ્રણાલી: અદ્યતન નેવિગેશન અને ટર્મિનલ માર્ગદર્શન, મુશ્કેલ દરિયાઈ પરિસ્થિતિઓમાં પણ અસરકારક જોડાણને સક્ષમ બનાવે છે

ફ્લાઈટ પ્રોફાઈલ: દરિયાઈ સ્કિમિંગ ક્ષમતા, દુશ્મન રડારથી બચીને લક્ષ્યો સુધી પહોંચવામાં સક્ષમ બનાવે છે.

# સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે શ્રી રામ મંદિરની મુલાકાત લીધી

• લખનૌ

ઉત્તર પ્રદેશના અયોધ્યા મતવિસ્તારમાંથી સમાજવાદી પાર્ટીના લોકસભા સાંસદ અવધેશ પ્રસાદે સોમવારે તેમના પરિવાર સાથે શ્રી રામ મંદિરની મુલાકાત લીધી. તેમણે ત્યાં પૂજા કરી અને મંદિરના નિર્માણની પ્રશંસા કરી. સાંસદ અવધેશ પ્રસાદે પણ માંગ કરી છે કે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણમાં સામેલ શ્રમિકોનું સન્માન કરવામાં આવે. સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના સ્થાપત્ય અંગે કહ્યું, 'મેં મારા પરિવાર સાથે ભગવાન શ્રી રામ મંદિરની મુલાકાત લીધી અને પ્રાર્થના કરી અને ભગવાન શ્રી રામના લોકોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી. રામ મંદિર ખૂબ જ સારી રીતે બનાવવામાં આવ્યું છે. આ મંદિર હજારો વર્ષોથી ભગવાન શ્રી રામનું મંદિર રહ્યું છે. તેને પૂર્ણ થવામાં ઓછામાં ઓછું એક વર્ષ લાગશે.' સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે રામ મંદિર વિશે કહ્યું, 'અમે જોયું કે મંદિરની દિવાલો પર ચિત્રો કેવી રીતે બનાવવામાં આવ્યા હતા. અમારા શ્રમિકોએ આમાં મોટું યોગદાન આપ્યું છે, અને આપણા દેશના મજૂરો અને કારીગરોએ મોટી ભૂમિકા ભજવી છે, પરંતુ તેમને તે સન્માન મળી રહ્યું નથી જે તેઓ લાયક છે.' સાંસદ અવધેશ પ્રસાદે વધુમાં કહ્યું, 'હું સરકાર પાસે માંગ કરું છું કે આ મંદિર બનાવવા માટે આટલી મહેનત કરનારા કારીગરો અને મજૂરોનું સન્માન થવું જોઈએ. તેમની એક યાદી પોસ્ટ કરવી જોઈએ જેથી જ્યારે દેશ અને દુનિયાભરના લોકો રામ મંદિરના દર્શન કરવા આવે, ત્યારે તેઓ જોઈ શકે કે કયા શ્રમિકો, કલાકારો અને કારીગરોએ તેમાં યોગદાન આપ્યું છે. આનાથી તેમનું મનોબળ વધશે.'

### પરમ વીર ચક્ર પુરસ્કાર વિજેતા કેપ્ટન બાના સિંહ સાથે વાતચીત

# સરહદ પર દીકરીઓની તૈનાતી પર પુનઃર્વિચાર કરવો જોઈએ

• શ્રીનગર

રાષ્ટ્રનું ગૌરવ અને પરમ વીર ચક્ર પુરસ્કાર વિજેતા કેપ્ટન (નિવૃત્ત) નો જન્મદિવસ છે. તેઓ ૭૭ વર્ષના થશે. ઠંડી ખૂબ છે, પણ તેઓ નિયમિતપણે સવારે ૬ વાગ્યા સુધીમાં ઉઠી જાય છે. તેમને આર્મી ઈવેન્ટ માટે ઉધમપુર જવાનું હતું, તેથી તેઓ સવારે ચાર વાગ્યે ઉઠી ગયા. તેઓ કહે છે કે આજે પણ આર્મી ઓર્ડર તેમના માટે એટલા જ મહત્વના છે જેટલા તેમના સેવાકાળ દરમિયાન હતા. તેઓ લગભગ ૧૫૦ કિલોમીટરની મુસાફરી કરીને પાછા ફર્યા છે, પરંતુ તેમનો ચહેરો તેજસ્વી છે. તેમનો ઉત્સાહ અને જુસ્સો તેમના આર્મીકાળ દરમિયાન જેટલો જ છે. તેઓ માત્ર ભારત અને પાકિસ્તાનમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં દરેક મહત્વપૂર્ણ વિકાસ પર નજર રાખી રહ્યા છે. બાના સિંહ સાથેની અમારી વાતચીતના મુખ્ય મુદ્દાઓ અહીં છે. બાના સિંહ કહે છે કે તેમણે તાજેતરમાં દીકરીઓને સરહદ પર પેટ્રોલિંગ કરતી જોઈ હતી. તેમને આ ગમ્યું નહીં. તેઓ કહે છે કે દીકરીઓને આર્મીમાં પુષ્કળ તકો આપવી જોઈએ. એવી ઘણી જગ્યાઓ છે જ્યાં તેમને તૈનાત કરી શકાય છે. માતા માટે સરહદ પર કામ કરવું યોગ્ય નથી જ્યારે દીકરો ખાટલા પર સૂતો હોય. સરહદ ખૂબ જ સંવેદનશીલ છે. જવાબદાર લોકોએ આ સમજવું જોઈએ. બાના સિંહ માને છે કે પાકિસ્તાન પર ક્યારેય વિશ્વાસ કરી શકાય નહીં. તેઓ કહે છે, 'પાકિસ્તાન



એક એવો દેશ છે જે દરેક હાર પછી બદલો લેવાની હિંમત કરે છે અને માર ખાતો રહે છે. તેની હાલત ખૂબ જ ખરાબ છે. અર્થતંત્ર તૂટી ગયું છે. એક કહેવત છે: 'દોરડું બળી ગયું, પણ તાકાત રહી.' ભારતની કાર્યવાહીને કારણે પાકિસ્તાન પણ આવી જ સ્થિતિમાં છે. આમ છતાં, તે કોઈ પાઠ શીખતું નથી. આપણે હંમેશા તેની સામે સતર્ક રહેવું જોઈએ.' ખાસ કરીને સિંધુ જળ સંધિ અંગે કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટરના નિવેદનનો ઉલ્લેખ કરતા બાના સિંહ કહે છે કે, 'પાકિસ્તાન એક પાડોશી છે. જો પાણીનો પ્રવાહ બંધ કરવામાં આવે તો ત્યાંના સામાન્ય લોકોને તકલીફ થશે.

# દેશના વિકાસમાં RSS સૌથી મોટો અવરોધ છે : પ્રિયાંક ખડગે

### કર્ણાટકના મંત્રી પ્રિયાંક ખડગેએ દાવા પર સવાલ ઉઠાવ્યા અને સ્પષ્ટતા માંગી

• બેંગ્લુરૂ

કર્ણાટકના મંત્રી પ્રિયાંક ખડગેએ મંગળવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને દેશના વિકાસમાં સૌથી મોટો અવરોધ ગણાવ્યો. પ્રિયાંક ખડગેએ આરોપ લગાવ્યો કે તેમની સામે દાખલ કરાયેલા કાનૂની કેસ તેમણે સંગઠન વિશે ઉઠાવેલા પ્રશ્નોના જવાબ છે. પ્રિયાંક ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક અખબારનો લેખ શેર કર્યો હતો, જેમાં અહેવાલ આપવામાં આવ્યો હતો કે RSS સભ્ય દ્વારા દાખલ કરવામાં આવેલી માનહાનિની ફરિયાદના સંદર્ભમાં એક ખાસ અદાલતે તેમને અને રાજ્યના અન્ય મંત્રી દિનેશ ગુંડુ રાવને નોટિસ ફટકારી છે. ખડગેએ પોતાની પોસ્ટમાં આરએસએસ વડા મોહન ભાગવતના નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો કે સંગઠન તેના સ્વયંસેવકોના દાનથી ચાલે છે. તેમણે આ દાવા પર સવાલ ઉઠાવ્યા અને સ્પષ્ટતા માંગી. તેમણે કહ્યું, 'લોકોનો એક પસંદ કરેલો જૂથ તેમની કઠપૂતળીઓનો ઉપયોગ અમારી સામે કેસ દાખલ કરવા માટે કરી રહ્યો છે કારણ કે અમે RSS વિશે વાજબી પ્રશ્નો ઉભા કરી રહ્યા છીએ. આરએસએસ રાષ્ટ્રના વિકાસમાં સૌથી મોટો અવરોધ છે.' તેમણે પ્રશ્ન કર્યો, 'મોહન ભાગવતે કહ્યું છે કે આરએસએસ તેના સ્વયંસેવકોના દાનથી ચાલે છે. જો કે, આ દાવો અનેક વાજબી પ્રશ્નો ઉભા કરે છે: આ સ્વયંસેવકો કોણ છે અને તેમને કેવી રીતે ઓળખવામાં આવે છે? દાનની માત્રા અને પ્રકૃતિ શું છે? આ દાન કઈ પદ્ધતિઓ અથવા ચેનલો દ્વારા પ્રાપ્ત થાય છે?' તેમણે આગળ પ્રશ્ન કર્યો, 'જો આરએસએસ પારદર્શક રીતે કાર્ય કરે છે, તો તેની પોતાની નોંધાયેલ ઓળખ હેઠળ સંસ્થાને સીધા દાન કેમ આપવામાં આવતું નથી? આરએસએસ રજિસ્ટર્ડ સંગઠન ન હોવા છતાં તેનું નાણાકીય અને સંગઠનાત્મક માળખું કેવી રીતે જાળવી રાખે છે? પૂર્ણ-સમયના પ્રચારકોના પગાર કોણ ચૂકવે છે અને સંગઠનના નિયમિત સંચાલન ખર્ચ કોણ પૂર્ણ કરે છે? મોટા પાયે કાર્યક્રમો, ઝુંબેશો અને જનસંપર્ક પ્રવૃત્તિઓને કેવી રીતે ભંડોળ પૂરું પાડવામાં આવે છે?' કોંગ્રેસ નેતાએ એમ પણ પૂછયું, 'જ્યારે સ્વયંસેવકો સ્થાનિક કચેરીઓમાંથી ગણવેશ અથવા અન્ય સામગ્રી ખરીદે છે, ત્યારે આ ભંડોળ ક્યાંથી ખર્ચવામાં આવે છે?

# ઉત્તર પ્રદેશમાં પૈતૃક મિલકતનું વિભાજન અને ભાડા કરાર કરવા સરળ અને સસ્તા બન્યા

• લખનૌ

ઉત્તર પ્રદેશમાં પૈતૃક મિલકતનું વિભાજન અને ભાડા કરાર કરવા સરળ બન્યા છે. ઉત્તર પ્રદેશમાં પૈતૃક મિલકતની નોંધણી હવે ફક્ત દસ હજાર રૂપિયામાં થશે. ૫,૦૦૦ ની સ્ટેમ્પ ડ્યુટી અને ૫,૦૦૦ ની નોંધણી ફી વસૂલવામાં આવશે. ઝસ્ યોગીએ ભાડા નોંધણી પર પણ નોંધપાત્ર રાહત આપી છે. ભાડા કરાર માટે સ્ટેમ્પ ડ્યુટી અને ફી પર ૯૦ ટકા ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ છે. યોગી કેબિનેટની બેઠકમાં જનતાને લગતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો પણ લેવામાં આવ્યા. માહિતી મુજબ, યોગી કેબિનેટની મંગળવારે બેઠક થઈ. કેબિનેટની બેઠકમાં કુલ ૧૪ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, જેમાંથી ૧૩ મંજૂરી આપવામાં આવી હતી. પરિવારના રક્ત સંબંધોને મિલકત દાન માટે મોટી રાહત આપવામાં આવી છે. હવે, પરિવારના સભ્યને કોઈપણ પ્રકારની મિલકત દાન કરવા માટે સ્ટેમ્પ ડ્યુટી માત્ર ૫,૦૦૦ રહેશે. કેબિનેટની બેઠકમાં કુશીનગર અને ઝાંસીમાં નવી સ્ટેમ્પ ઓફિસોના નિર્માણને પણ મંજૂરી આપવામાં આવી હતી. વધુમાં, ગ્લોબલ કેપેસિટી સેન્ટર પોલિસી માટે એસઓપી પસાર કરવામાં આવ્યો હતો. આ નાણાકીય વર્ષમાં ૨૧ ઔદ્યોગિક કંપનીઓ બાંધકામ/કામગીરી શરૂ કરશે. આનાથી ૧૦,૦૦૦ થી વધુ યુવાનોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર મળશે. શિકોહાબાદની જેએસ યુનિવર્સિટીની માન્યતા રદ કરવામાં આવી છે. નકલી માર્કશીટ કેસની તપાસ બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે, આગ્રાની બીઆર આંબેડકર યુનિવર્સિટી વિદ્યાર્થીઓની ડિગ્રી અને પ્રમાણપત્રોની ચકાસણી અને વહીવટ કરશે. મંત્રી નંદ ગોપાલ નંદીએ જણાવ્યું હતું કે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર દ્વારા કામ કરવા માટેના એસઓપીને મંજૂરી આપવામાં આવી છે. એકવીસ કંપનીઓએ કામગીરી શરૂ કરી છે, જેનાથી ૧૦,૦૦૦ થી વધુ નોકરીઓનું સર્જન થયું છે.

### કોઈને ચોક્કસ બિંદુએ રોકવું પડે છે, અને શરીરની પણ પોતાની મર્યાદાઓ હોય છે

# નેતા નારાયણ રાણેએ રાજકારણમાંથી નિવૃત્તિ અંગેની અટકળોને ફગાવી દીધી

• નવીદિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેએ તેમના રાજકીય નિવૃત્તિ અંગેની અટકળોનો અંત લાવ્યો છે. તેમણે કહ્યું કે જાહેર સભામાં તેમની તાજેતરની ટિપ્પણીઓનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ સક્રિય રાજકારણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા કહ્યું કે તેમણે ક્યારેય નિવૃત્તિ વિશે વાત કરી નથી. મીડિયા સાથે વાત કરતા, રાણેએ સમજાવ્યું કે તેમણે ફક્ત એટલું જ કહ્યું હતું કે જો તેઓ જનતા માટે પરિણામો આપી શકતા નથી, તો તેઓ તેમના ભવિષ્યનો વિચાર કરશે. નોંધનીય છે કે શનિવારે સિંધુદુર્ગમાં એક જાહેર સભા દરમિયાન, રાણેએ તેમના પુત્રો - ધારાસભ્ય નિલેશ અને મંત્રી નિતેશ - નો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, 'કોઈને ચોક્કસ બિંદુએ રોકવું પડે છે, અને શરીરની પણ પોતાની મર્યાદાઓ હોય છે.' આ નિવેદનો પછી, રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ કે પીઢ નેતા જાહેર જીવનમાંથી નિવૃત્તિ લેવાની તૈયારી કરી રહ્યા છે. રાણેએ સ્પષ્ટતા કરી, 'કોણે કહ્યું કે મેં નિવૃત્તિનો સંકેત આપ્યો હતો? મેં ક્યારેય એવું કહ્યું નહીં. મારા નિવેદનને ધ્યાનથી સાંભળો. જો મારું પદ હવે જનતા માટે ઉપયોગી ન રહે અથવા મને તેમના માટે કામ કરવાની મંજૂરી ન આપે, તો હું પૂર્ણવિરામ લેવાનું વિચારીશ.' તેમની લાંબી રાજકીય કારકિર્દી દરમિયાન, રાણે શિવસેના, કોંગ્રેસ અને ભાજપ સાથે જોડાયેલા રહ્યા છે. પોતાની રાજકીય સફર વિશે વાત કરતા રાણેએ કહ્યું કે જ્યારે તેઓ ભાજપમાં જોડાયા ત્યારે તેમણે નક્કી કર્યું હતું કે આ તેમનો છેલ્લો પક્ષ હશે. તેમણે કહ્યું, 'પક્ષ બદલવાનો કોઈ પ્રશ્ન જ નથી. હું આત્મસન્માન સાથે જીવું છું અને મને પદોનો લોભ નથી.' તેમણે એ પણ ખુલાસો કર્યો કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા તેમણે તત્કાલીન ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાને વિનંતી કરી હતી કે તેમને બેઠક ન આપે કારણ કે તેઓ તેમના વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગતા હતા, પરંતુ નડ્ડાએ તેમને રાજકારણ ન છોડવા વિનંતી કરી.

### જો નિકાસકારોને કર મુક્તિ, સસ્તી લોન અને લોજિસ્ટિક્સ સહાય મળે, તો ભારતીય ચોખા વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મક બની શકે છે

# શું નાણામંત્રી સીતારમણ બજેટમાં ચોખાના નિકાસકારોને રાહત આપશે, બજેટમાં અનેક રાહત પગલાંની માંગ



• નવીદિલ્હી

ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશને આગામી કેન્દ્રીય બજેટ ૨૦૨૬ માં ચોખાની નિકાસને મજબૂત બનાવવા માટે સરકાર પાસેથી અનેક મુખ્ય રાહત પગલાંની માંગ કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણને આપેલા સૂચનોમાં, ફેડરેશનએ જણાવ્યું છે કે જો નિકાસકારોને કર મુક્તિ, સસ્તી લોન અને લોજિસ્ટિક્સ સહાય મળે, તો ભારતીય ચોખા વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મક બની શકે છે. આઈઆરઈએફે ચોખાની નિકાસ માટે લેવામાં આવેલી લોન પર ૪ ટકા વ્યાજ સબસિડીની માંગ કરી છે. વધુમાં, ખેતરો અને મિલોથી બંદરો અથવા ઝઘ્ઢ સુધી ચોખાના પરિવહનના ખર્ચને ઘટાડવા માટે રોડ અને રેલ નૂર પર ૩ ટકા સુધીની સરકારી સબસિડી પૂરી પાડવામાં આવે છે. ફેડરેશને એવી પણ માંગ કરી હતી કે નિકાસકારોને નિકાસ ઉત્પાદનો પર ડ્યુટીઝ અને ટેક્સીસ યોજના હેઠળ સમયસર કર રિફંડ મળે. ફેડરેશન અનુસાર, ભારત વિશ્વના કુલ ચોખાના વેપારનો આશરે ૪૦% હિસ્સો ધરાવે છે. ૨૦૨૪-૨૫માં, ભારતે ૧૭૦ થી વધુ દેશોમાં આશરે ૨૦.૧ મિલિયન ટન ચોખાની નિકાસ કરી. આઈઆરઈએફ જણાવે છે કે ચોખાની નિકાસ ખેડૂતોને સારા ભાવ પૂરા પાડે છે, ગ્રામીણ રોજગારીનું સર્જન કરે છે અને દેશ માટે નોંધપાત્ર વિદેશી હૂંડિયામણ ઉત્પન્ન કરે છે. આ જ કારણ છે કે આ ક્ષેત્ર દેશના અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે. જોકે, ફેડરેશન એ પણ નિર્દેશ કર્યો કે ચોખાના ઉત્પાદન અને નિકાસ અનેક પડકારોનો સામનો કરે છે. ઘણા મુખ્ય ચોખા ઉત્પાદક ક્ષેત્રોમાં ભૂગર્ભજળ ઝડપથી ઘટી રહ્યું છે. વધુમાં, સરકારી ખરીદી, સંગ્રહ અને પરિવહનનો ખર્ચ સતત વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ભાવમાં વધઘટ પણ નિકાસકારો અને ખેડૂતો બંનેને નુકસાન પહોંચાડે છે. આ સમસ્યાઓના ઉકેલ માટે, ઈંહ્ઘ એ ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા હાકલ કરી છે. ફેડરેશન ભલામણ કરે છે કે ખેડૂતો અને કંપનીઓને વૈકલ્પિક ભીનાશ અને સૂકવણી, સીધા બીજવાળા ચોખા, લેસર લેવલિંગ અને ઉર્જા-કાર્યક્ષમ મિલિંગ જેવી પાણી-કાર્યક્ષમ ચોખાની ખેતી તકનીકો અપનાવવા માટે ખાસ કર અને રોકાણ પ્રોત્સાહન આપવામાં આવે. આ પાણીની બચત કરશે અને પર્યાવરણ માટે ખેતી વધુ સારી બનાવશે. વધુમાં, આઈઆરએફે જણાવ્યું છે કે પરંપરાગત જાતોને બદલે પ્રીમિયમ બાસમતી, જીઆઈ ઓર્ગેનિક અને વિશેષ બિન-બાસમતી ચોખાની ખેતી અને નિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ. આનાથી ખેડૂતો માટે ઊંચા ભાવ સુનિશ્ચિત થશે અને સરકાર પર લઘુત્તમ ટેકાના ભાવ હેઠળ ખરીદી કરવાનું દબાણ ઘટશે. ફેડરેશનની એક મુખ્ય માંગ ચોક્કસ જાતો પર ૨૦ ટકા નિકાસ ડ્યુટી લાદવામાં આવ્યા પછી ઉભા થયેલા લાંબા સમયથી ચાલી રહેલા વિવાદો સાથે સંબંધિત છે. આઈઆરએફ જણાવે છે કે ડ્યુટી ગણતરીના વિવિધ અર્થઘટનને કારણે ઘણા નિકાસકારો પર નોંધપાત્ર પાછલી અસરથી કર માંગણીઓ થઈ છે. ફેડરેશને સરકારને આવા કિસ્સાઓમાં એક વખતની માફી આપવા વિનંતી કરી છે.